ચીત્રસેન ચંદ્રીકા.

ત્રીઅંકી નાટક.

પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

ત્રણ દરવાજા—અમદાવાદ.

કોપી ૧૨૦૦

Ahmedabad.

Rajnagar Type Foundry printing Press

સંવત ૧૯૫૯ — સને ૧૯૦૩

કિંમત ૭ આના.

શ્રી જગદીશ્વરાય નમઃ

ચિત્રસેન ચંદ્રીકા.

અંક ૧ લો.

પ્રસ્તાવના.

સૂત્રધાર-- (વંદનકરી)-- ગાયન.

પ્રથમ નામ પરીબ્રહ્મ સમરૂં સુબુદ્ધિ ધારી,
ન્યારી ન્યારી રચના નિહાળી ચિત ચાય છે. પ્ર૦
સંગીત ચંદ્રિકા કેરૂ નાટય ભજવુ નવીન,
ગાહક ગુણોથી ગુણ ગુણીજન ગાય છે. પ્ર૦
વીધ્ન હરો પાત્ર કેરા રસના રસીક હજો,
જજો દુઃખ આર્યોના જે દાહક દેખાય છે. પ્ર૦
સહી કષ્ટ નષ્ટ અતિ સેવા કરૂં હું સ્વામીન,
પ્રારંભ કરૂ પ્રયોગ સમે વહી જાયછે. પ્ર૦
પ્રિયા આમ આવો.

નટી-- આજ્ઞા સ્વામીનાથ શા વિચારમાં છો: તે આ દાસીને જણાવવા હરકત ન હોયતો જણાવવા કૃપા કરશો.

સૂત્રધાર-- વિચારતો કાંઇ નથી પણ જુઓ આકાશમાં વાદળ કેવું છવાઈ ગયું છે

નટી— હા સ્વામીનાથ? જગતનું પોષણ કરવા અને તૃષિત પ્રાણીઓને તૃપ્ત કરવા એ તૈયાર થયો હોય એમ જણાય છે.

ગાયન

જુઓ સ્વામીનાથ ઘનઘોર ઘટા,
ચમકે ચપલા નભમાં પ્રસરે;
બની ઇંદ્ર ધનુષની ઓર અટા. ઘન૦
ઝરમર ઝરમર મેઉલો વરસે,
આડંબર કરી અનુપ છટા. બની૦

સૂ— પ્રિયા તમે કહોછો તેમજ છે પરંતુ ઇશ્વરનું જે વખતે નિર્માણ હશે તેજ વખતે તે જગત અને તૃષિત પ્રાણીને તૃપ્ત કરશે. જુઓ વાયુ વાવા લાગ્યો.

નટી— હા સ્વામીનાથ મનુષ્ય ગમે તે ધારે પરંતુ દૈવ નિર્મિતજ થાય છે.

સૂ— તેમજ છે.

ગાયન.

સારંગધર નાર મહદ મતી અપાર,
દુઃખ ગતિ નિવાર. સારંગ૦
જગતમાં ચંદ્રિકા સમ નવ આર્યા કોઇ દાર,
ધર્મ હૃદય ધારી કષ્ટે ડગી ન નાર. સારંગ૦

નટી— સ્વામીનાથ આપે ચંદ્રીકાનો દાખલો આપ્યો તે આર્યા કોણ હતી તેમને દૈવ નિર્માણ શું સુખ કે દુઃખ પડયું તે વાત મને કહેવા કૃપા કરશો.

સુ—પ્યારી ચંદ્રપ્રઢના રાજયકુમાર ચિત્રસેન અને પશ્ચિમ દેશના રાજા પ્રતાપભાનુની પુત્રી ચંદ્રીકાનો ઇતિહાસ તને યાદ નથી ? શું તેમને દૈવયોગે ઓછું દુઃખ પડયું છે.

નટી—હા સ્વામીનાથ મને હવે યાદ આવ્યું.

સૂ—ત્યારે આજ આપણે તેનોજ પ્રયોગ કરી બતાવી પ્રેક્ષક જ-

નોનાં મન રંજન કરી દૈવનિર્માણુજ થાય છે તે તાદ્દશ્ય બતાવીએ.

નટી—જેવી સ્વામીનાથની આજ્ઞા પાત્રજન સર્વે તૈયાર છે.

(નેપથ્યે) ગાયન.

દર્શન કરીએ અતિ પ્રીત કરી, ભજીએ મનથી શ્રીનાથ હરિ.
છે દા'વ આ મનુષ્યા દેહ ધરી, સ્વધામ જવું સંસાર તરી, દ૦

સૂ—જો પ્યારી રાજ્યકુમારી પોતાની સખીઓ સાથે શિવ મંદીરે દરશન કરવા જાય છે માટે ચાલો આપણે પણ ત્યાં જઇએ.

નટી—ચાલો પ્રાણનાથ.

પ્રવેશ ૨ જો.

સ્થળ-બગીચો-શિવ મંદીર.

(પૂજા કરનાર બ્રાહ્મણ પુજાના સાહિત્ય લઇ.)

કીશોરી—મહારાજ મોદકેશ્વર ! તમે મંદીરમાં જઇ શંકરને ગંગાજળે પવીત્ર કરી આ ચંદન અને પુષ્પ ચઢાવો. આ બાઇ સાહેબ આવ્યાં અમે બધાંય આ બાગમાં આગતેમ ફરીને આવીએ છીએ.

મોદકેશ્વર—બહુ સારૂ કીશોરી ! પણ આજ કાંઇ મોદકનાં શોધાં પાણીનું થવું જોઇએ હો ઘણા દિવસથી કોઇ યજમાન મળ્યો નથી, તેથી જીવ એમાંને એમાંજ લાગી રહ્યો છે.

કીશોરી—મહારાજ ધીરજ રાખો તેનું પણ થશે.

મોદકેશ્વર—તો તો એવો આશીર્વાદ આપું કે સાત દીકરાની મા થા. પણ એક કાણો આવશે હો.

કી૦—હવે મહારાજ પધારોને ખોટી પંચાત જવા દો જુઓ

બા આવ્યાં. (મોઢકેશ્વર શિવાલયમાં જાય છે ને ચં-
દ્રિકા સખીઓ સાથે પ્રવેશ કરે છે.)

માલતી--કેમ બહેન કિશોરી પુજનની તૈયારી તો છેની. ચં-
દ્રીકા બહેન આવ્યાં ને તૈયારી નહી હોય તો વઢશે.

કીશોરી—બહેન બધાંની તૈયારી છે હું કંઇ ગાફલમાં રહુ તેવી
નથીતો.

ચંદ્રીકા—(રસ્તે ચાલવાના શ્રમથી થાકી જવાને લીધે બાગના
બાંક ઉપર બેશી જાય છે, બીજીઓ બાજુપર ઉભી રહે છે
અને વાયુ ઢોળે છે) બહેનો તમે પણ થાકીગો હશો માટે
બેસો.

કીશોરી—બહેન તમે અહીયાં બેસો, માલતી તું બહેન પાસે
રહે. હું પાસેની તલાવડીમાંથી કમળ લઇ આવું. પ્રભા-
વતી તું આ ગુલાબના ફુલ વીણ અને અલી (ઇશારત
કરી) તું જા ચંદન ઘસ.

ચંદ્રીકા—બહેનો તમે તેમ કરો ને હું આ સ્થળે બેઠીછું વહે-
લીઓ આવજો. અને તમે પણ હરો ફરો.

માલતી—બહેન ચંદ્રિકા જો આ આમ્રવૃક્ષને વેલી કેવી વીંટાઇ રહીછે.

ચંદ્રીકા-બહેન તેનાં સદ્‌ભાગ્ય હશે. મારે તો કઇએ જોવી નથી.

માલતી—બહેન જરા ઊંચુ તો જો પેલાં ચક્રવાક પક્ષી કેવી ક્રીડા
કરે છે. મૂઆ જાનવરજ. કંઇ લાજ શરમ છે ?

ચંદ્રીકા--(સરોષ) તું મને એવું તેવું કંઇએ બતાવીશ નહિ.
જો તારે જોવું હોય તો

(માલતી ચક્રવાક આદી બીજા પક્ષીની ક્રીડા જોતી જોતી
દુર ખસે છે ત્યારે ચંદ્રીકા એકલી.)

ગાયન.

રે મમ નાથની તે સાથ રહું કેદી હરિ હું
આ દિન રાતના સરઘાતથી તો જાતું મરી હું. રે૦
નવલખું નાર હું આવાર કરી ઉપકાર રે મોરાર,
સુખ સંસાર દે અપાર રહું સુખમાં ફરી હું. રે મમ૦
જીણુહાર પ્રાણઆધાર ને હું પ્યારથી હરવાર,
આ દગ દ્વારથી આ હાર નીરખું હર્ષે ભરી હું. રે મમ૦

મા—ધીરજધાર છે દિન ચાર મળે ભર્તારરે તેવાર,
સ્વયંવરમાંથી તે હાર ગળજે પ્રેમે વરી તું. રે મમ૦
બહેન લગાર ધીરજ રાખો પિતાશ્રીએ તમારે માટે સ્વયં વર રચ્યો છે ને ઘણા ખરાતો આવ્યાએ છે. આમ ઉતાવળાં શું થાઓછો ? કોને જોબનની પીડા નહિ હોયતે.

ચંદ્રીકા—(શરમાઇને) હું તો કાંઇએ ઉતાવળી થતી નથી જોબન પીડાની વાતતો તું જાણે.

માલતી—હવે ગમે તેમ ફેરવો પણ તમારી મુખમુદ્રાજ કહી આપે છે. લગાર ધીરજ રાખો હવે ફક્ત ચાર દિવસ બાકી રહ્યા છે તે જશે એટલે મનગમતો મળશે.

કીશોરી—(દુરથી) અલી માલતી આમ આવ આપણે કમળના પુષ્પનો હાર ગુંથીએ.

(માલતી ત્યાં જાય છે એટલે).

ચંદ્રીકા—હજુ પણ આ મુઆં ચક્રવાક અહીંથી દુર ખસતાં નથી. એ જાણી જોઇને મારા કામાગ્નિને પ્રદીપ્ત કરે છે. (એમ કહી નીચેથી પથર લઇ તેને મારેછે ને પાછી બેસીને) અરે રતિપતી તું મને શા માટે દુઃખ દે છે.

ગાયન.

અરે મદન રહીને તનમાં, અતિ વેદના કરેછે મનમાં,
ઘડી ઘડી મને દનમાં; ઘડી ઘડી ગને દનમાં.
અંગ અંગ અતિ જંગ મચાવે, રંગમાં રંગ બતાવે.
ચિત લાગે ન આ વનમાં, ચિત લાગે ન આ વનમાં. અરે.

આહા આ વૃક્ષવેલીનાં કેવાં સદ્‌ભાગ્ય છે એ પણ પોતાના પતીને એક ઘડીભર પણ દુર ખસેડતી નથી (ના સામુ જોયા કરે છે.)

માલતી—બહેન કીશોરી ? ચંદ્રીકા બહેનતો સ્વામીને મળવા એક પગે થઇ રહ્યાં છે. મનમાંને મનમાં ગમે તેમ બોલ્યા કરેછે.

કીશોરી—હા બહેન બે ચાર દિવસથી એનું મન જાણે ભ્રમિત થયું હો તેગ લાગે છે.

માલતી—અલી પ્રભાવતી તું તો ગુલાબનાં ફુલજ વીણ્યા કરીશ કે.

પ્રભાવતી—બહેન હવે વીણી રહેવા આવીછું. લેજો આટલાં તો સહુકની.

કીસોરી—એટલાં બહુએ છે પણ જોતો ખરી ચદ્રીકા બહેનની દશા.

પ્રભાવતી—બહેનને કહો કે ચાર દિવસ પછી મનગમતો મળશે.

ચંદ્રીકા—(વેલીને) **ગાયન**

પ્રીત કેવી લાગી પ્રેમથી ભેટી રહી છે સ્નેહથી. પ્રી૦
વૃક્ષ અધીક મુજથી અરે ભારીરે, ઉતરી ગઇ હું તેમથી. પ્રી.

માલતી--(દૂરથી) જોઇ એની વૃત્તી, એ કેવી પ્રેમમાં પ્રવૃત થઇ રહી છે ?

કીસોરી—ચાલો આપણે પુછો તો જોઇએ કે બા તમે કયો સ્વામી પંસદ કરસો.

માલતી—જો તો ખરી એ હજી શું કરેછે.

ચંદ્રીકા--(ઉભી થઇ) આ વેલીને દેખી મારૂં મન હવે ધીરજ રાખતું નથી. (એમ કહી તેના વેલા ઉકેલવા માંડેછે.)

માલતી--(બંધી સખીઓ સાથે આવીને હસતાં) હંહંહં કેમ બ્હેન એ વેલીએ તમારૂં શું બગાડયું છે? છો લપટાઇ રહી. તમે પણ થોડા દિવસમાં તેમજ લપટાશો.

ચંદ્રીકા--તમે ગમે તેમ બોલોછો શું મને ભાન વગરની સમજોછો.

કીસોરી—ત્યારે બ્હેન તમે હમણાં કયું પદ ગાયું.

ચંદ્રીકા—એતો સહેજ ગાયું.

કીસોરી--સહેજ તે કેમ હોય ? શું અમે નથી સમજતાં ! પ્રીતી ની રીતતો તમેજ જાણતા હસો ને બીજા તો અજાણ્યા હસે.

ચંદ્રીકા--(સ્વગત) સખીઓ મારા મનની વાત જાણી ગઇ માટે હવે તેમનાથી છાનું રાખવામાં માલ નથી (ચાહન) પ્રીય સખી ? મને કામદેવ ઘણી રીતે સતાવે છે. અને વળી આવું નિર્જન સ્થળ જોઇ અતિ પ્રબળ થાય છે.

માલતી--(કીસોરીને) શા વાસ્તે જોર ન કરે. જોબન ખીલ્યું છે. સોળ શૃંગાર ધારણ કર્યા છે. વળી આ બાગનું રમણીય સ્થળ છે. આવી જગ્યાએ તો બધુએ થાય ! કેમ કંઇ બોલતી નથી.

કીસોરી--હું શું બોલું. "જેને હૈયે તેને હોઠે" બાઇ આખો દિવસ પોતાના સ્વામી સાથે રહેવાની ચિંતામાને ચિંતામાં પ્રેમ પ્યારો હોય છે. તુંજ વિચાર કર કે તારા પતીથી તું વીખુટી રહી શકે ?

સખીયો—

ગાયન

પ્યારી તે પ્યાર વિણ રહે ન લગાર રે,
રહે ન લગારરે વિયોગથીરે આવારરે.

ચકોર પક્ષી ચંદ્ર વિના જેમ,
વારી વિણુ મીન પ્રાણુ તજી દે આ હારરે,

ચંદ્રિકા— **ગાયન.**

મારૂ જોબન વીતી જાય, સખી કાંત વિના હાય કરશું,
આ શું તનમાં મને કામ દમે મુખ ઉચરૂં શું ? મારૂં૦
ચિતમાં અતિ ચંચળાઇ ચારે પાસ જારી,
ભ્રમણુતા અતિ મનમાં મારી ભમી રહી ભારી. મારૂં૦
બેભાન વતી બની મારી શુદ્ધિ ભૂલી સારી.
રતીપતી અતિ સતાવે જાણીને કુમારી;
હારી બેઠી તેથી સખી હેઠી હાય ગરૂં શું. મારૂ૦

માલતી—બા આમ ઉતાવળાં શું થાઓછો. ઉતાવળે આંબા પાકતા હસે? દૈવે જ્યારે નિર્માણ કર્યું હશે તેજ વખતે સ્વામીનો મેલાપ થશે. હવે થોડા દિવસ બાકી છે.

પ્રભાવતી—બહેનનો કન્યાકાળ વીતી ગયો ને યુવાવસ્થામાં આવી લાગ્યાં જુઓને એમના પગની ચંચળાઇ, હોઠમાં હસવું, કામદેવમાં ફસવું અને લાજ મર્યાદાથી જોવું આ ચીન્હથી જણાયછે કે હવે તો બાને જરૂર સ્વામી દર્શન થાય તો સારૂં.

ચંદ્રીકા—(શરમાઇને) બહેન તેં ખરૂં કહ્યું.

કીશોરી—બહેન આપણે વાતોમાં રહ્યાં ને શંકરનાં દર્શન કરવા તો ભુલીજ ગયાં.

ચંદ્રીકા—હા બહેન ચાલો શિવપુજન કરીએ.

પ્રભાવતી—બહેન પુજન કરી સારો સ્વામી માગજો.

મોદકેશ્વર—બહેન પધારો પુજાની સર્વ સામગ્રી તૈયાર થઇછે.

ચંદ્રીકા—(દહેરા પાસે જઇને) મહારાજ પુજા કરાવો.

મોહકેશ્વર--હા બહેન તમે અહીં બેસો પુજા કરાવું છું. લ્યો આ પુષ્પ ને અક્ષત અને તમારી પાસેથી એક સોનાની મહોર ને સોપારી ઝાલો હાથ જોડી રાખો. ફૂળ ઉપર નાંખી દ્યો ને સોનાની મહોર મને આપો. લ્યો હવે હાથમાં જળ લ્યો અત્રાદ્યે આજે આશ્વીન માશે અજવાળી પક્ષે અષ્ટમી પરં નવમી દિવસે ભાનુવાસરે સાયંકાળે બહેન મમ કહો.

ચંદ્રીકા--મમ-

મોહકેશ્વર--મન ઈચ્છીત વર પ્રાપ્તી અર્થે સાંબસદાશિવ પુજન મહંકરીષ્યે પાણી મૂકી દ્યો. ને સંકલ્પની એક મહોર મુકો ચંદ્રીકા મહોર મુકે છે.

મો૦--લ્યો હવે ચંદન ચઢાવો. સાંબસદા શિવાય નમ ચંદનં સમર્પિયામી લ્યો અક્ષતં અક્ષતં સમર્પિયામી હવે સાંબસદાશિવને વસ્ત્ર ને પાર્વતીજીને એક સાડી ગંગાજીને એક સોનાનો દાગીનો અને ભટાણીને એક ઉમામાશન આપો. ચંદ્રીકા તે આપે છે.

મો૦--સાંબસદાશિવાયનમઃ વસ્ત્ર સમરપિયામી લ્યો ધુપ કરો અગરબત્તી ધુપ સમરપિયામી. સવામણ ઘીનો દીવો કરવો જોઇએ તે ઘી મારે ઘેર મોકલાવજો સાંબસદાશિવાયનમઃ દીપં દરસ્યામી મુકો જળ. આ જળ મુક્યુ એટલે મારે ઘેર ઘી પહોચાડજો નહીતો વતીપાતે વતીપાતે વ્યાજ ચઢસે.

માલતી--મહારાજ બહુ ઘી ખાશો તો જાડા થઇ જાશો.

મો૦--ના હવે નૈવેદ્ય-સવામણનો લાડુ સાડાતેર શેરનો દુધપાક ને એકવીસેરની પુરીઓ જોઇએ. હાલતો આ શું

કરનું નૈવેધ કરો ને પછી એટલું સીધું મારે ઘેર મોક-
લાવજો સાંબસદાશિવાયનમઃ નૈવેધ સમરપયામિ-શંક-
રને જમાડો હવે જળ મુકો-હવે ફળ તાંમ્બુળને હીરણ્ય
દક્ષણા આ હીરણ્ય દક્ષણા તે સમજ્યાં.

ચં૦—હીરણ્ય એટલે સોનું.

મો૦—હા બહેન એક શ્રીફળ સો પાન ને સોનાની પાંચ મ-
હોરો આ વખતે જોઇએ. (તે પ્રમાણે પાંચ મ્હોર મુકે છે).

મો૦—શ્રીફળને પાન ઘેર મોકલાવજો. લ્યો હવે આરતી ઉતારો.

ચંદ્રીકા—ઉભી થઇ આરતી ઉતારેછે ને બધી સાહેલી આરતી
ગાય છે).

ગાયન.

જય જય જય શિવ ત્રીપુરારી. (બેવાર)
ભાળચદ્ર ત્રીશુળ. ત્રીનેત્રા ધારી, શિવ ત્રિનેત્રા ધારી;
ગંગ શિરપર સોહે નગ દુહિતા નારી જય જય૦
રૂંઢમાળ છે કંઠ શોભે અતિ સારી (બેવાર)
ભસ્મ લેપ છે અંગે ભોળા ને ભારી. જય જય૦
ભસ્માસુર દાનવ દીધો તે મારી, (બેવાર)
મદન દ્રષ્ટીની સામે નાખ્યો તેં બાળી જય જય૦

મોદકેશ્વર—લ્યો આ કપુર સળગાવો ને આરતી ઉતારો.
કપુર આરતી સમરપીયામી હવે મૂકી ઘો.

(મોદકેશ્વર બધાને આરતી આપે છે) લ્યો હવે મંત્ર પુષ્પાંજળી કરો.

મોદકેશ્વર—વા હવે મહાદેવજી આગળ સંકલ્પ કરો કે મને ગમતો
પતી મળસે અગર તમોએ જે મનમાં ધાર્યું હોય તે થશે
તો આટલા બ્રાહ્મણ જમાડીશ લ્યો પાણી હે શંકર મને મારી
મન કાંમનાઓ પુરી કરશો તો હું. કહો બા કેટલા.

ચંદ્રીકા--સો.

મો૦--સો બ્રાહ્મણુ જમાડશો. હરહર મહાદેવ બા હવે એકાદ શંકરના આગળ ગરબો ગાઓ.

ચંદ્રીકા—હા બહેન ચાલો આપણે ગરબો ગાઇએ.

ગાયન.

રૂડા દીસો છો રાજવીરે મોહન મારાછો રંગ રસીયા,
સારા સજ્યા સણગારરે મોહન મારાછો રંગ રસીયા,
તાલ દઇ પગ ઠુમકેથી ચાલો,
પ્રીતમ પ્રાણ આધાર નૌતમ નટવર
નાગર કાનકુંવર અલબેલડા છોગાળા છો છેલ;
કામ સમા દીપો તમે જરી ન દીસે મેલ. રૂડા૦

માલતી--બહેન હવે જરા બેસો પછી ઘેર જઇએ.

ચંદ્રીકા—બહેન કીસોરી આજ મને અપશુકન કેમ થાયછે. મારી જમણી આંખ ફરકેછે ને જીવ બળેછે.

કીસોરી—અગથુ બહેન એવા ખોટા વહેમ શા લાવવા (એવામાં એક કડાકો થાયછે ને અંધકાર થઇ જાય છે).

ચંદ્રીકા—સખી આ કડાકો શાનો થઓ મારી ધીરજ રહેતી નથી (એવામાં એક રાક્ષસ પ્રગટ થાયછે ને ચંદ્રીકાને આકાશમાર્ગે ઉંચકી જાયછે. બાઇઓ આમ તેમ પડીજાયછે ને થોડી વારે સાવધ થઇ).

કીસોરી—અરે આસો જુલમ હવે આપણી રાજમાતને શું મુખ દેખાડીશું આ શું થયું હે ઇશ્વર હવે તું કરે તે ખરૂં.

માલતી—અલીઓ આમ લાકડાની પેઠે ઉભીઓ રહે કંઇ વળવાનું છે. ચાલો જલદી જઇને રાજમાતાને આ વાત જાહેર કરીએ (જાયછે).

પ્રવેશ ૨ જો,

આગળનુ જંગલ.

(રૂપસીંહ–ગોદડભા–દાજીભા—કેશરીસીંહ–કેહેળોજી વિગેરે. રજપુત સિપાઇઓ સેનાપતીના બોલાવવાથી ત્યાં જાયછે).

રૂપસિંહ––(પ્રવેશ કરી) હાલો હાલો ગોદડભા આમ ઢીલા ચ્યમ હાળો છો.

ગોદડભા––હવે હેડીએ સીએ હેનાપતીએ બરકયા માટે હું થઇ જયું આથી વળી ચેટલુંક ઉતાવળું હેંડાય.

રૂપસિંહ––કોમ ગોદડભા? કહુંબા પાણી લીધા નથી કે શું.

ગોદડભા––ના બા ના હજીતો હુંગા વીનાના હુંધાએ તાણ્યા નથી.

દાજીભા––તારે હુંગો હું બરી આવું તમે રેઢીઓ કાઢતા હોતો.

કેશરીસીંહ––પણ કાંઇ ખાર બજણા વીના ચાલે.

કહુળોજી––કેશરીસીંહ કહેશે તે હરવે હાચુસે ચીમ દાજીભા.

ગોદડભા––રૂપસીંહ ઠાકોર ત્યારે અહીંજ ધામા નાંખીએ ચાલો બીછાવો પછેડી ને કાઢો ખરલ.

દાજી—(સરવે બેઠા પછી) માળુ! પણે કણેથી બાવળની છાલ લાવો તો આ હોકલુ તાજુ કરીએ.

કેશરીસીંહ—એમાંતે હી બાદુરી કરવીસે લ્યોને હું લાવી દઉ

ગોદડભા—દાજીભા એતો ખરૂં પણ પાણી વીના કહુંબો શેનો કાઢોશું, લ્યો કાંકરી કાંકરી ઇમને ઇમ ચઢાવો.

દાજીભા—વાહ ઠાકોર આપણે રજપુતને પાણીની શી ખોટસે ઓલીપણે કણે રેણુસે તાંથી લ્યો લઇ આવું.

કહુળોજી––જાઓ તારે વહેલા આવો.

દાજી––આ આવ્યો ને તમે અફેણુતો કાતરો (ગોદડભા અરીણુ

કાતરે છે ને ખરલમાં નાંખેછે.)

કહળોજી--થયું ઠાકોર થયું આટલું તો ઘણુંએ.

ગોદડ--હવે એટલું ને તેટલું લ્યોને આટલું નાખીદ્યો.

કેશરીસીંહ--લ્યો ભા આ દેવતા એનએનાનો નર્યો ધકધકતો લાવ્યો ભરો હોકો.

દાજીભા--લ્યો ઠાકોર પાણી ને વળી આ બે જામફળ લ્યો કહુંબો પીને ખારમજાણું થાહે. પણ એક વાત હાભરવા જેવીસે કહોતો કહુ.

ગોદડ--વળી એવીતે હી વાતસે કહી દીયોને તાણે.

દાજી--કહળાજી તેદી આપણે ચોરામાં જયાતા તારે પેલી ગણકા નાચ ગાતીતી તે પણે આગળ વાડીમાં વાહર ખાવા આવાંસે.

ગોદડ--તારે બોલાવો તેને આપણી પાંહે તે ગાણું કરસે ને તેને કાંઇ નહિતો કાંઇ આપીહું.

દાજી--પણ કહુંબો તો પીઓ એનો આગતેગ પરેછે તે હમણા બોલાવીશું.

ગોદડ--લ્યો પીઓ તારે.

દાજી--ભા લાવો મારી પાહે તમને આપું.

ગોદડ--તમે પેલા લ્યો.

દાજી--લાવો ત્યારે (એક પછી એકને પાયછે ને માહો માંહે હગહગરા કરેછે કેશરીસીંહ હુકો ભરેછે ને ગોદડને આપે છે.)

રૂપસીંહ--દાજી હવે આ હોકાને ગગડાવતા ગગડાવતા એક હારૂ ગાણું ગાઓ.

દાજી--અલ્યા રૂપા તુતો હાવ બોથડનો બોથડ રહ્યો આપણાથી તે ગાણું ગવાય, એતો રાંડનું કામ છે જાવો કહે-

જાઉ પેસી ગણકાને બોલાવો તારે.

કહુળોજી—હોવે લોને તારે બોલાવું (જાયછે).

રૂપસીંહ--કાકા હવે ખોટું બોલો સોકે તેદી માળા ઉપર બેઠા બેઠા નોતું ગાત.તાકે.

દાજી--એતો હુ જાણનું હતું.

કેસરીસીંહ--ગોદડભા આ અફેણનો નીશો શરીરમાં તંગેતંગ થઈ રહ્યોસે એમાં રંગ બહુ જામસે હો.

દાજી--તમે બધાય જ્યારે કોછો તારે હાંભરો અમે અમારી જવાનીમાંતો ખુબ મજા કરીસે.

ગાયન.

સાજણ તારા સેણ, લાગેસે રળીઆમણા,
નિરખું કેદી નેણ, દખનાતો ડુંગર પડયા;
સાજણ કેરા હખ હમવંત હરવે થયા;
વરહે ધારા દખ પ્રીતમ કેરા પાસમાં.
મારા હાજણ મારા તન મારા મન મારા ધન,
મારા હૈડા કેરા હાર મારા પ્રેમના સરદાર;
દેસો કેદીરે દરહન મારા મન મારા ધન

કેશરીસીંહ—વાહરે ભા વાહ ગાણુંતો જાણે સાકરના કટકયા પણ બોલ્યો કહળોજી ચ્યમ ન આવ્યો.

કહુળોજી—(પ્રવેશ કરી) લો આ મોતનકુવંર આવી.

મોતનકુંવર-(સલામ કરી) મુજરો છે અમારો સહુ સરદારોને.

કેશરીસીંહ—રામ રામ એ રામ રામ.

મોતન—કેમ સરદાર શી ફરમાશ છે.

દાજી—આ ફરમાશ તો કંઇ નથી એક હાર ગાણું ગાવને આમારા દીલને ખુશ કરો તમારા કશમત જોગ તમને મળી રહેશે.

છોકરીઓ— ગાયન.

રસીલા રંગે રમવા આવો ભાવે ભેટા ભીજ્જોને ભીજાવો. ૨૦
જામ્યુ જીવન જુઓ જોબન જોસમાં દીયો દાયો દીયો દંડ દાવો.
પ્યાલા ભર્યા પ્રીતીરસના પીઉજી પીયો પીયો પીયો પ્રેમે પાવો.
આંખ ઇશારે અલએલા ન આંજશો લીયો લીયો લીયો લાલ લહાવો. રસી.

કેશારીસીંહ--વાહ મોતનકુંવર વાહ ! તમારી છોકરીનું ગાણું તો જાણે આખો દિને રાત હાંભરાજ કરીએ ચ્યમ કેશારીસીંહ એને કંઇ ઘોતો ખરા.

કેશારીસીંહ--હાંબા હાં તમે તો કંઇ ઘો અમારે દેવું હશે તો દેશું.

કહુળોજી--હ્યો કાઢો એક રૂપિયો તારે કોની માએ શેર શુંઠ ખાધીસે તે હામો થાય.

ગોદ્દડભા--જા, જા, માળા સધનો છોકરો છો તે જાણ્યો.

રૂપસીંહ--દાજી આ વખતે ભુંડી થવા બેઠીછે આમાં કાંઇ હારૂ નીપજવાનું નથી.

કહુળોજી—હું અમે હારા માણહના દીચરા થઇને ગાળો ખાશું.

દાજી--(જોકાં ખાતા ઉઠીને) હાંબા હાં હો હાચુ પણ ઓને કાંઇ ઘો તો ખરા.

કેશારીસીંહ—દાજીભા તમે કયો એટલું હરવે દીજીએ.

દાજી--જયારે તમે બધા મારે માથે નાંખોછો તારે હું કહું તેટલું હરવને દેવું પડશે પછી કાંઇ આનાકાની નહીં થાય.

રૂપસીંહ--દાજી વિચારીને કહેજો નહિતો ગરીબનાં ઘર કશા નહિ કરે.

દાજી—તુંતો ગાંડો છે પછી કાંઇ નાંખી દીધાની વાત થાય હું કહું એટલું તો દેવું પડશે.

ગોદ્દડ--લો તારે ભાપદઇને કહી દો એમાં તે હી પંચાત.

દાજી--જાઓ તારે હરવે પાઇ પાઇ જણુ દીઠ આપો.

મોતન—વારી જાઉં મેતો ઐસી છોટી રકમતો નહિ લઊંગી.

દાજી--ઠીકસે મોતનબા આ ફેરા નહિતો બીજી ફેરા ખટાવીશું.

મોતન--ઠાકોર હમતો ઐસી રકમ નહિં લઇંગે. હમારા દીલમાંતો ઐસાથા કે કુચ્છ ઇનામ લે ખાયંગે ઔર તુમતો કહાંકી કહાં બાત કરતેહો.

દાજી—હવે મોતનબા ઝાઝી તકરાર ન કરીએ અહીં રહતામાં તો જે આપીએ તે હ્યો વળી કોઇ વખત રાવણામાં બોલાવી વધુ આપશું.

મોતન—લાલ ઇસ બખ્તતો મેં જાતીહું મગર દુસરી દફે યું મત કરના (જાયછે.)

ગોદડ--અશ્યા આપણેતો આના લશ્કરમાં રહ્યા ને પણે હેનાપતિને તાંતો ચીમનું ચીમ થશે.

કહુબોજી--હા અશ્યા હેંડો ઝટ કરો. (બધા ઉઠેછે.)

જોરસિંહ—(પ્રવેશ કરીને) અરે ઠાકરડાઓ તમારે તો સદાય આમનું આમજ જરૂરની વખતે પણ વેલા આવી હાજર ન થાઓ કે.

ગોદડ--(બીતો બીતો) ઠાકોર આવતાં લગાર વાર લાગી માફ કરો સાહેબ.

જોરસીહ—આપણા મહારાજાધીરાજની પુત્રી ચંદ્રીકાબા આજે બાગમાં ફરવા ગયાં હતાં ત્યાંથી કોઇ એકાએક હરણ કરી ગયું છે માટે તેની ખોળ માટે તમે જુઓ. કેમ દાજી ઠાકોર તમારાં બધાં માણસ તૈયાર છેને.

દાજી—હાબા હા આપણા બધાં જણુ તૈયાર છે અમે જંગલે જંગલ ભટકીને પગલે પગલે જઇ તેમની ખબર લાવીશું.

જોરસિંહ—ઠીકછે ત્યારે જો પતો મેળવશો તો મહારાજા પાસેથી સારૂ ઇનામ અપાવીશ નહિતર પહાયતા મૂકવા વારો આવશે યાદ રાખજો. (જાયછે.)

ગોહડભા—અરે રામરામ એ દાજી આતો ગજબની વાત. રાજાએ તો મહિના દીથી એક મોટો માંડવો બંધાવવા માંડયો છે ને તેમાં ચંદ્રીકાબાને પરણાવાનાં હતાં તેમાં વળી આ વઘન કયાંથી આવ્યું અલ્યા આપણા બીજા જણો લઇ હાલો વેલા આપણે ખોળ કરીએ. (જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ રાક્ષસની ગુફા. (કેદ કરેલ ચંદ્રીકા—પછીથી રાક્ષસ)

ચંદ્રીકા(એકલી)— ગાયન.

હાય ફરી હરિ અરે, છુટું ન હું મરી અરે,
અસહ્ય દુઃખ શિરપરે, દે નિવારી તું ત્વરે;
નજર શી પરી અરે, છુટુ ન હું મરી અરે.
સંતને સંતાપીઆ, દીન દુઃખ આપીઆ,
પાપ ખો ભરી અરે, છુટું ન હું મરી અરે;
દોષ દે નિવારી તું, કષ્ટથી ઉગારી તું,
કથું શું ઉચરી અરે, છુટું ન હું મરી અરે.
કામ દુઃખ જાણીને, સરિતાથી લે તાણીને,
નમુ ચરણ પડી અરે, છુટું ન હું મરી અરે.

કૃત્યાસુર—(પ્રવેશ કરીને)કેમ પ્યારી તું હવે તાબે થાયછે કે નહિ

ચંદ્રીકા—દૂર રહે ચંડાલ મને અડકીશ નહિ.

ગાયન.

કૃ૦—દુષ્ટ નાર કરૂ ખ્વાર મારી કાપીને આવાર;
રાક્ષસનો હું છું સરદાર શુરવીર.
દેવ તાબે છે હજાર, જીતે નહિ કીરતાર,
બીની તજી રહું આ ઠાર ધરી ધીર.
કાગ જવાળથી ઉગાર, રહું બની તાબેદાર,
નહિતો મારીશ તુજને માર, ધરી ધીર;
બનાને અતિ લાચાર, કરૂ સ્તુતી તુજ અપાર.
બનુ તારો પ્રાણાધાર,

ચંદ્રીકા—દુર થા તું અરે બદકાર. રાક્ષસ નહીતો.

કૃત્યાસુર—જો તારે દુઃખમાંથી છુટવું હોય તો મારી આજ્ઞા ઉલ્લંઘન ન કરીશ. આખા ત્રૈલોકમાં મારી સામે ટકી શકનાર કોઇ નથી. હજારો પીશાચ, લાખો દાનવો, બેશુમાર ભુતો એ બધાં મારાં તાબેદાર છે ને જો તું મને પ્રસન્ન કરીશ તો તે બધાં તારી આજ્ઞામાં રહેશે ને જો મારી મરજી પ્રમાણે નહિ ચાલીશ તો તને આથી પણ વધારે દુઃખ દઇ તારો જીવ લઇશ.

ચંદ્રી—(ક્રોધેથી) ઓ પાપી ચંડાલ શું તું એમ સમજે છે કે અબળા જાતને શરણ કરું. હું તારી દુષ્ટ વાંચ્છનાને કદી પણ સ્વીકારીશ નહી. હું એક ક્ષત્રીના વીર્યથી ઉત્પન થયેલી તે તારા જેવા ચંડાલને શરણ થઇશ. તારા જેવા અધમને શરણ થઉ તે કરતા માવું સારૂ સમજુછું તું આથી પણ વધારે કષ્ટ આપીશ તો પણ તારે તાબે થનાર નથી.

ગાયન.

ભલે ઝટ લે તું મારા પ્રાણ હું સત્ય નહીં છોડુ,—ઝટ લે તું.

દયા તું તન કાં ધરે છું અબળા નીરાધાર જાણી કર મારી વાર શઠ વીશય સુખ ન માણુ રે—ઝટ લે તું.

કૃત્યા—હજી તને એક દીવસની મહેતલ આપુછું એટલામાં તારો વીચાર ફેરવીશતો ઠીક નહીતો આવતી કાલે અગ્નીદેવને તારુ બલીદાન આપી તારો જીવ લઇશ.

ચંદ્ર—અરે દુરમુખી દુરાત્મા તારા ડરાવ્યાથી હું કદી ડરનાર નથી હું મારા સત્યનો ભંગ કરી તારી દુષ્ટ વાંચ્છનાને કદી સ્વીકારીશ નહી ભલે તારે મન ગમેતેમ દુખદે હું જીવ આપવા તૈયારછું.

કૃત્યા—ઓ હઠીલી અબળા આટલું સમજાવ્યા છતાં તું માનતી નથી તો ચાખ સ્વાદ (મંત્રના જોરથી ચંદ્રીકાને અધર લટકાવેછે) આવતી કાલે તારો વીચાર ફરેલો હશેતો આ દુઃખમાંથી તને છોડાવીશ. (જાયછે).

ચંદ્રીકા—(વીલાપ કરતી).

ગાયન.

રોઉ દીન રાત દીનાનાથરે, હાય વિખુટી થઇ હું તાત—રોઉ.
જોઉ મમ માત હું કયારે હરે, ગાલીક બની હું અસાથ—રોઉ.

ચીત્રસેન—(ઉદાસ ચહેરે પ્રવેશ કરી).

પ્રવેશ ૪ થો.

સ્થળ—જંગલ.

ગાયન.

કહું કર્મ તણી શી કાંણી, થયું રાજપાટ ધુળધાણી; કહુ.
સમાસ્નેહી કુટુંબ કણીલા, કયાં રાજા કયાં રાણી

વન વન ભટકું દરીદ્ર થઇને, કરીશ દેહની હાણી. કહું.

અરે હુ કોણ અને ક્યાં ભટકું છું ભાવીની પ્રબળતા અપાર છે હરીઇછા હા? ક્યાં મારો દેશ ક્યાં મારૂ રાજ્ય એ સર્વે સ્વપ્ન તુલ્ય થઇ ગયા. નીમકહરામ માણસોથી એવાંજ ફળ પ્રાપ્ત થાય છે. મારા પીતાના મરણ પછી એની ગાદીએ હું બેઠો પણ મારો નિમકહરામ શેનાપતિ રાજ્યાસન લેવાના લોભથી મારૂં રાજ્ય ભ્રષ્ટ કરી મને મારી નાખવાનું કાવતરૂ રચ્યું હા! જો મારા વિશ્વાસુ ચાકરે મને ખબર ન કરી હોતતો આ પ્રાણ બચવો મુશ્કેલ હતો. ત્રણ દિવસથી જંગલમાં ભટકતાં હું થાકી ગયોછું હે પરમેશ્વર મારી સંભાળ લેનાર તુંજ છે.

ગાયન.

શ્રમ થયો તનને રે હો, કંટક પગ તળમાં અતિ ખટકે,
નિરખી ડરુ આ વિકટ વનને ચેન પડે નહીં મનને તનને—શ્રમ.
ગંદચંદ સમ મુખ થયું મારું જીગર થયું આકારુ;
ઇશ દયા કરી સુખ દે સારૂ, ઝટઝટ મળું જઇ સ્નેહી જનને, શ્ર

ચાલ્ય જીવ? આ આમ્રવૃક્ષ તળે બેશી બેઘડી વીસામો ખાઇ આગળ જાઉં. ઓ કમનસીબ ચીત્રસેન જ્યાં સુધી કર્મમાં દુઃખ લખ્યું હોય તે ભોગવે છુટકો. (નેપથ્યમાં.)

ગાયન.

કરમ ગતી કીરતારની ક્યાં રંક અને ક્યાં રાય?
કાળ ચક્ર શીરપર ફરે, ફસે આવી તે માંય;
ફસાવી હાય પાપીએ, છોડાવી માતને તાત.
કરી તનથી દુર નાતને જાત, ફસાવી હાય પાપીએ,

ચિત્રસેન—(વિસ્મય યુક્ત) અરે! આવા અઘોર જંગલમાં કોણ વિલાપ કરતું હશે. શું ભુત પીશાચતો નહિ હોય? હશે.

તે મને શું કરનારછે જ્યાં સુધી કર્મમાં દુ:ખ લખ્યું હશે ત્યાં સુધી અનેક સંકટ ખમવાં પડશે. (પાછો બેસેછે).

(નેપથ્ય) ગાયન.

કોઇ બચાવે જગમાં જન્મ્યો, રાક્ષસને આ મારી,
અબળાની જો સહાય કરે તો, રાજી રહે ત્રીપુરારી,
અરે છું દુખિઆરી. અતિ તે કરશે ઉપકારી.

ચિત્ર--(એકદમ ઉભો થઇ) નહિ નહિ હું ભૂલુંછું આતો કોઇ સ્ત્રી સહાય માગેછે (જોઇને) આ પાસેજ પહાડ દેખાય છે ત્યાંથીજ અવાજ આવતો સંભળાય છે. માટે ત્યાં જઇ જોણી જોઇએ તે કોણ છે. (જાયછે).

પ્રવેશ ૫ મો.

સ્થળ-રાક્ષસની ગુફા.

ચિત્રસેન--(પ્રવેશ કરી ચારે તરફ જોઇ) અરે અહીંતો કોઇ દેખાતું નથી. આ ભયંકર સ્થળમાં માણુસ કયાંથી હોય. હું પણ અહીંથી ચાલ્યો જાઊં નહિતર કાંઇ આફતમાં આવી પડીશ (જવા માંડેછે એવામાં)

ચંદ્રીકા-- ગાયન.

કોઇ બચાવે જગમાં જનમ્યો, રાક્ષસને આ મારી,
અબળાની જો સહાય કરે તો રાજી રહે ત્રીપુરારી;
અરે છું દુ:ખઆરી, અતી તે કરશે ઉપકારી.

ચીત્ર--અરે આ શું આ સ્ત્રી અધર લટકતી દેખાય છે તેજ સહાય માગેછે. આવો જુલમગાર કોણ હશે. વારૂ (સ્ત્રી તરફ જોઇને) શી સુંદર મુખમુદ્રા છે. ખરે ? પરમાત્માની નિપુણતા-

નો આ નમુનોજછે. વાહ! આ શું સુંદર સ્વરૂપ છે. તેને આ સ્થળ આવવાનું શું પ્રયોજન હશે. ખરેજ મારાં ભાગ્યોદયેજ આ સ્ત્રીનાં દર્શન થયાં આ સુંદર મનહર છબી જોતાં ઉર્વશી રંભાનું સ્વરૂપ પણ તુચ્છછે. આ કુમારીકાનું સ્વરૂપ પ્રકાશી રહ્યું છે જાણે ઈંદુ પ્રગટયો હોયની. ખરેજ તેથી તે આકાશમાં ભ્રમણ કરે છે. આ રાજ્ય કુમારીને જોઇ મોટા મુનીંદ્રનું મન ચળે તો હું કઇ વિશાતમાં, પણ સબુર મન ઉતાવળ કરે કાંઇજ ફાયદો નથી માટે ચાલ્ય તેને પુછું કે તે કોણછે (પુછેછે) અરે સ્ત્રી તું કોણ છે મારા તરફની કશી ધાસ્તી કરીશમાં હું તને સહાય કરીશ જો મારા બોલવા ઉપર વિશ્વાસ ન હોયતો હું પ્રતિજ્ઞા લઈ કહુછું કે તને આ કષ્ટમાંથી છોડાવીશ.

ચંદ્રીકા-- ગયાન.

હાય ફરી હું પાપીને હાથે-શંકટને શીદ લે શોર માથે,
સુખ નંવ થાયે પ્રાણ આ જાયે હાય-ફસી હું
કામ છે મોટું જોને વિચારી બ્રહ્માંડ આવે નહી એક બાથે,
વિખ શીદ ખાએ દુઃખ અતિ પાયે--હાય.
બાળક બુદ્ધી છે હજી તારી ભોગવવું પડશે દુઃખ સાથે,
કષ્ટ શું ચહાયે, દીન કહેવાયે--હાય.

મારા દુઃખની કઈ શીમા નથી મને એક રાક્ષસે અહિ અધર લટકાવીછે. તે બહુ બળવાન છે માટે તમો પ્રતીજ્ઞા ના લેશો તમારો જીવ બચાવી તમે ચાલ્યા જાઓ.

ચિત્રશેન—શું તને કોઇ રાક્ષસે પકડી આણી છે? ને આ દુઃખમાં નાંખી છે. હું ક્ષત્રી છું, ને તારા જેવી અબળાને દુઃખમાંથી ન છોડાવતાં ચાલ્યો જાઉ. નહી નહી અબળાને છોડાવવી એ ક્ષત્રીનો મુખ્ય ધર્મ છે.

ગાયન.

છું ક્ષત્રી કેરો તન, પાપીનો પરાજય કરૂં રે,
મરજાવી મુકું હું ગગન, ત્યારેજ અન્ન મુખ ધરૂં રે,
દુશમન વિદારણ કાજ; પાપી.
અવતાર ધર્યો મેં આજ, ત્યારેજ૦
નથી બીતી ચીત્ત મોઝાર; પાપી૦
મારી કાપી કરૂં હું હાર. ત્યારેજ૦
હજીછે શુરવીરનો અંશ. પાપી૦
પૃથવી નથી ગઇ નીરવંશ. ત્યારેજ૦
માઝા મુકી નથી હજી ભાન. પાપી૦
શશીએ નથી બદલ્યું સંસ્થાન. ત્યારેજ૦

ચંદ્રીકા—અને ઉદાર મનના રાજકુમાર આ તારી ધૈર્યતા જોઇ મને આનંદ થાય છે પરંતુ દુષ્ટ હમણાંજ આવશે માટે તમે તમારો જીવ જોખમમાં શીદ નાંખો છો.

ચીત્રસેન—અરે અબળા ? તું કોની પુત્રી છું? અને આ નીશાચરને હાથે કેમ સપડાઇ.

ચંદ્રીકા—રાજ્યકુમાર પશ્ચીમ દેશના મહારાજા પ્રતાપ ભાનુની હું પુત્રી છું ને મારૂં નામ ચંદ્રીકા છે.

ગાયન.

કમનસીએ દુઃખમાં બોળી, રગડીને રજમાં રોળી.
મમ કર્મે કથા છે મોટી, દીન રાત રહુંછું રોતી.
એક દીવસ ઉપવન જોતી મનનો સંશય ખોતી;

ચિત્રસેન—ત્યારે ત્યાં શું અકશમાત થયો.

તવ ગર્જના થઇ મહાકારી, બેભાન ગતી થઇ મારી.
હરી લાવ્યો મને અવીચારી, તેથી થઇ દુઃખીઆરી;

હૈયામાં પ્રગટી હોળી, કેમ નસીબ દુઃખમાં બોળી.

અરે મારી સખીઓએ ઘણી બુમો પાડી તે સરવે વ્યર્થ ગઇ, અને હું પાપીને હાથ ફસી હાય? હાય હું મારા માત પીતાને કયારે મળીશ.

ચિત્રસેન--આટલી અધીરી કયમ થાય છે હું તારા પીતાને દેશ તને પહોચતી કરીશ પણ એ દુષ્ટ કયાં છે? હમણાંજ તેને આ ખડગથી કાપી નાખી તને છુટી કરૂંછું.

ચંદ્રીક--કહે શુરવીર પુરૂષ તમે ધીરજ ધરો ને મારી વાત સાંભળો. ગઇ કાલે તેણે એક દાસી મારી પાસે મોકલી હતી તે મને કહેતી કે એ રાક્ષસ બહુ બળવાન છે પણ પશ્ચિમ તરફના જંગલમાં એક પાણીના પડતા ધોધની અંદર એક મોટું વીવર છે તે વીવરની અંદર સુંદર પોપટનું પાંજરૂં છે. જયારે તે પાંજરામાંથી પોપટને મારે ત્યારે તે પાપીનો લય થાય એમ છે.

ચીત્રસેન--હા ઘણું સારૂં થયું કે તેં વાતની મને ખબર કરી હવે જોઊંછું કે તે દુષ્ટ પૃથ્વી ઉપર કેટલીકવાર જીવતો ટકી શકે છે રાજયકન્યા તું મને રજા આપ કે હું પહેલાં પોપટની શોધમાં જાઉ.

ચંદ્રીકા--અરેરે હું કેવી પાપણી કે પ્રવાશી પુરૂષને સંકટમાં નાંખવા તૈયાર થઇ.

ચીત્રસેન--સ્ત્રીઓનાં હૃદય કેવાં કોમળ હોયછે. (પોતાના મન સાથે) અરે મારૂં મન કેમ સ્થીર રહેતું નથી શું આ ખંજન દ્રગવાળી ત્રીયાના પાસમાં બંધાતું જાયછે (ચંદ્રીકાને શશીવદની હવે મને રજા દે કે હું જાઉ.

ચં૦--તમને આ જીભથી જાઓ એવો ઉચ્ચાર શી રીતે થઇ શકે.

ચી૦—આ વખત એમજ કરવું પડશે.
ચં૦—પાછા આપ ક્યારે મળશો?
ચી૦—ઇશ્વિર મેળવશે ત્યારે. પરમાર્થ કામ કરતાં જો મારું મૃત્યુ થયું તો તારે યાદ રાખવું કે તરૂણ વયના રાજકુમારે મારા માટે આટલું સંકટ વેઠયું છે. (જાયછે.)
ચંદ્રિકા—

ગાયન.

રાજ સિધાવ્યા આજ, છોડી આ દનરે, નિરાધાર મુજને;
સુકી મને વન અરે મુજ તનરે. રાજ૦
હરો હરિ મારુ કષ્ટ અરે આ, કેદી હું પામીશ પ્રિયા દર્શનરે. રા.

કૃત્યાસુર—(પ્રવેશકરીને) કેમ પ્રિયા ! શા વારતે અસહ્ય દુ:ખસહનકરેછે શું તને સારૂ લાગે છે? નહી, નહી, તારા જેવું રત્નતો મારા સુકોમળ કંઠમાંજ શોભે, લાવ હું તને છોડું અને તારો વિચાર ફેરવ. (છોડેછે ચંદ્રીકા મુખ ફેરવી ઉભી રહેછે) કેમ ! મુખ ફેરવી ઉભી શું મારા કરતાં બીજો કોઇ તને સ્વરૂપવાન મળશે,
ચં૦—મુવા બળ્યું તારૂ સ્વરુપ અને આગ લાગો તારી દેહને દુષ્ટ જા અહીથી નહીતો જીવ આપીશ.

ગાયન.

કૃ૦ સુણુ તું ગુલનાર, ચં૦ બળો તુજ દ્વાર;
કૃ૦ ન થા તું ગરમ, ચં૦ શરમ છે શરમ.
કૃ૦ છું રૂપાળો ભુપ, ચં૦ જુઓ આ સ્વરૂપ
કૃ૦ રાખ મારો ભરમ, ચં૦ શરમ છે શરમ.
કૃ૦ મારીસ હું ઠાર, ચં૦ અરે છું તૈયાર.
કૃ૦ રાખુ છું મરમ, ચં૦ શરમ છે શરમ.
કૃ૦ કહ્યું મારુ માન, ચં૦ ન થા તું નાદાન.
કૃ૦ કર વાત નરમ, ચં૦ શરમ છે શરમ.

આહા ! હું નિષ્ફળ થયો કેવી ઉમેદથી મેં તારા માત પીતાનું સ્થાન છોડવી આ સ્થળે કેદ કરી તોપણ એ નિરલજ અબળા મારૂં કહ્યું ન માનતાં યજ્ઞનું બળીદાન થઇ (સ્વગત) હજુ યજ્ઞ થવાને છ માસ બાકીછે એટલામાં સમજાવી સમજશે તો ઠીક નહીતો અગ્નીને ભોગ આપી હું કૃતાર્થ થઇશ. હવે ચાલ હું તને બીજે સ્થળ લઇ જાઉં.

ચ૦—હવે હું શું કરૂં મને એકે વિચાર સુજતો નથી આ દુષ્ટ મને અહીથી બીજે સ્થળે લઇ જાય છે ને વખતે તે રાજકુમાર અહી આવશે ને મુને નહીં જોશે તો અતિ વ્યાકુળ થશે (વિચાર કરીને) હા, આ યુક્તી ઠીકછે. કારણ કે મારી મોતીની માળા તોડી એક એક દાણો છુટો ફેંકુ એટલે તેની નિશાનીપર મારી શોધ જરુર કરશે ને મને મળશે (મોતીની માળા તોડી દાણા નાખતી જાય છે.)

કૃત્યા૦—(ક્રોધથી) એ કમનસીબ સ્ત્રી હવે જો બંદાના સપાટા કે પછી તાબે થવું પડેછે કે નહી ચાલ આ રસ્તે (જાયછે).

પ્રવેશ ૬ ઠો.

આગલુ જંગલ,

ચીત્રસેન— ગાયન.

હાય કાન્તા વિના દુઃખકારી, કેવી હાલત થઇ આ મારી. હા.
રૂપ મનોહર શોભિત સારૂં, શુદ્ધિ ભૂલ્યો હું સારી. હાય.
સચરાચર અજર ઇશ, વ્યાપક હે વિભુ:
પ્યારી મેળવ તું મારી નાર. મેળવ તું.
ઇશ કૃપા કરી ધો સુખ ભારી, વિઘ્ન દેજો આ વિદારી હા.

હા ! કેવો ફેરફાર નજરે જોતાં જોતામાં કેવાં કેવાં દુઃખ આ દેહને સેવાં પડેછે ? શું મારા ભાગ્યમાં આમજ રઝળવું લખ્યું હશે ! હા જ્યારે હું રાજ્યાસને હતો ત્યારે મારા સ્વપ્નામાં પણ આવાં દુઃખ નજરે નહોતાં પડયાં હશે ભાવીની પ્રબળતા અપારછે.

ગાયન.

ભાગ્ય વિના નર ભમતા, ભવમાં ભલા ભારી,
અતિ દુઃખઆરી હાલત, ધાત્રા દે તું વિદારી. ભાગ્ય.
કૈક કરતા લાચારી કૈક નર છે ભીખારી,
કૈકને એશ્વ અસ્વારી કેવી લીલા છે પ્રભુ તારી. ભાગ્ય.
ચંદ્રીકા મમ જે પ્યારી, વિયોગે અતિ દુઃખઆરી.
આપતિથી લે ઉગારી, કષ્ટ કાપો કરૂણા કારી. ભાગ્ય.
કથુ કષ્ટ શું ગીરધારી, વાણી ન પોહોચે બિચારી.
વિનતી ચાહે વિભુ મારી ઇશ દયા કર આવારી. ભાગ્ય,

મૃત્યુકા—આ કોઇ રાજવંશી દેખ્યાયછે શી એના મુખની કાંતીછે માર મન આને જોઇ મોહપાસમાં સપડાઇ ગયુંછે તેથી એને ફસાવી મારા કબજામાં રાખુંતો મારા જીવને શાન્તિ થાય.

ચીત્રસેન—(યાદ આવવાથી) જે કામ માટે હું આવ્યોછું તે કામ નહીં કરૂતો રાજ્ય કન્યાને આપેલું વચન વ્યર્થ જશે માટે ચાલ તે કામની શોધમાં ફરૂ. (આગળ ચાલતાં) અરે ! વળી નવી પીડા કયાંથી,

મૃત્યુકા— ગાયન.

કહોજી આપ દેશફીયે, વેશ ખુબ ન્યારો
વેશ ખુબ ન્યારો છે ચેરો અતિ પ્યારો. કહોજી.
રજની રગાડો પ્રિય મેમાન થઇને;

કામગ્નિથી ઉગારો.
પ્રિયા તમારી જાણીશ્યો મુજને કહોજી.
મુકીધો ખોટા વિચારો કહોજી.

ચીત્રસેન—વાહ આતો ગળેજ પડતી આવેછે એ કોણ હું કોણ નાત નહી જાત નહીં વગર કારણ પડય પાણા પગ ઉપર.

મૃત્યુકા—કેમ પ્રાણપતી! હું આવી સ્વરૂપવાન સ્ત્રી તમોને નથી ગમતી! મારૂ તેજોમય મુખાર્વીંદ જોઇને પદ્મની પણ પાણી ભરેછે. અને ઈંદ્રની અપસરાતો મારાં પગતળીયા પણ બરાબર નથી ત્યારે શું મારા જેવી બીજી સ્વરૂપવાન મળશે? પ્રાણનાથ?

ચીત્ર૦—મુઓ તારો પ્રાણનાથ પણ તું છે કોણ? તેતો મને જણાવ

મૃત્યુ૦—હું આ વનની રક્ષક છું અને મારે તાબે એશીહજાર ભુતાવળ રહેછે એવી હું વનદેવી તારા જેવા સુકોમળ રાજકુમારનીઅર્ધાંગનાં થવા માગુછુ. તેથી તારા ભાગ્યનોઉદય થયો સમજ.

ચી૦—હું તારો પતી થવા યોગ્ય નથી. તું વિચાર કરકે તારા જેવી સ્વરૂપવાનને મુજ જેવો કંગાલ માણસ ગમશે.

મૃત્યુ૦—શા વાસ્તે નહીં ગમે વાહાલા. તમેતો મારા કાળજાની કોરછો.

ચી૦—તેમજ તું પણ મને કેમ ગમે તારો રંગતો અંધારૂં ઘોર છે.

મૃત્યુકા— ગાયન.

વાલમજી છોડો મારા ભલા વાલીડા ન કહું તો શું કહું ? વાલ.
તારા રુપ પર હું મોહી સ્વામીજી સદા જોઇ રહું;
છે કંઠે પુષ્પની માળા વાલિડા ન કહું તો શું કહું? વાલ.
તારી આંખ છે અણીઆળી, ભમર બની છે કાળી;
ગાલે ગુલાબી લાલી, લાલીડા ન કહું તો શું કહું? વાલ.

ચીત્રસેન— ગાયન.

માનીજા નારીરે તું ધારીજો, તું ધારીજોરે, ધારી જો ધારી જો,

ધારી જો, માનીજા.

અનીતિએ થાશે દેહનો નાશ, માઠી દશા થાશે તારીજો. મા.

ચીત્રસેન--(સ્વગત હાથ જોડી)અરે ઇશ્વર! વળી તેં મને ક્યાં ફસાવ્યો.

મૃત્યુકા—કેમ પ્રાણનાથ! મારા જેવી કોઇ સ્વરૂપવાન સ્ત્રી હશે?

ચીત્રસેન--ના તારા જેવી રૂપાળીતો કાળી રાતે ના હોય વારૂ તું શું કહેવા માગેછે?

મૃત્યુકા--મારે કહેવાનું એટલુંજ કે--

ગાયન.

જાની માની જા તું મુજ તન,
અરપું તુજને થાશે ખુશી મન.
કરશું મોજ મજા ખુબ દનદન;
ફરશું જોડી થઇને વનવન,
થા સ્વામી જોઇ આ મુજ રૂપ,

ચી૦-- મરમ શરમ ધર ચુપ ચુપ ચુપ.

મ૦-- મુખડું મારૂં જો ભરથાર.

ચી૦— લાગો તુજ મુખમાં અંગાર.

મ૦--સમજી જા શાણા દીલ ભુપ.

ચી૦--મરમ શરમ ધર ચુપ ચુપ ચુપ.

મૃ૦-હું કહુછું કે હજી વિચાર કર્ય કેમકે મારા હાથથી તારો પ્રલે કાળ થતાં સુધી પણ છુટકો થવાનો નથી ત્યારે મફ્તનાં ફાંફાં મારવાં વ્યર્થ છે.

ચી૦-- (વિચારીને) હવે શો ઉપાય કરૂં. કપટ રચ્યા શીવાય છુટકો નથી, કહ્યું છે કે ગાય, અબળા અને શર્ણાગતની રક્ષા કરવા માટે, તથા પોતાનો જીવ ઉગારવા માટે કપટ કરવું તેમાં દોષ નથી. (મૃત્યુકાને) હા હું એક

વાતે કબુલ થાશીંછું. પણ તું મને વચન આપ.

મૃત્યકા—લ્યો આ વચન મારા હૈયાના હાર આપ વચન તો શું પણ મારા પ્રાણને માગશો તોપણ આપવા તૈયાર છું.

ચિત્રસેન--(વચન લીધા પછી) બસ હવે મારા મનની ખાત્રી થઇ ચુકી તારી શી મરજી છે?

મૃ૦-- ત્યારે પ્રાણનાથ ! બીરાજો આપ સ્થળે. હું મદ્યપાન તથા ભોજનાદી પ્રગટ કરૂં છું. (ભોજન પ્રગટ કરેછે.)

ચી૦--(સ્વગત) વાહ! ઇશ્વરની કેવી લીલા છે. જે અપાર સાગર સંસારની પાર વિકટ સમીરના સુસવાટથી આ દેહરૂપી નાવ આત્મારામને લઇને જવલેજ જતી હશે. પુરૂષને હીંમત હાર્યે શો ફાયદો ધીરજ ધરી પોતાનું કામ સાધવુ તેજ સાર્થક.

મૃ૦--પ્રાણનાથ! હવે શો વિચાર કરોછો ?

ચી૦- નહીં પ્રિયા ! હું મારા કામનો વિચાર કરતો હતો.

મૃ૦-ચાલો ભોજનતો કરી લ્યો (ભોજન કરતાં એક બીજાને દારૂ પાય છે મૃત્યુકાને વધારે નીશો ચઢવાથી) પ્રાણપતિ ! પેલા કામની મને વાતતો કહો ?

ચી૦-પ્રિયા ! કૃત્યાસુર નામના દાનવના મૃત્યુની શોધમાં ફરૂંછું

મૃ૦-કૃત્યાસુર તો મારા પીતા છે પ્રાણનાથ.

ચી૦--(ચમકીને) તારો પિતા ? (સ્વગત) અરે હું કેવો મુર્ખ કે આ તેની પુત્રીની પાસે તેના મરણની વાત કહી દીધી. પણ તે સુરાપાનની લેહેરમાં છે માટે હરકત નહીં (પ્રકાશ) ત્યારે શું તમે તેની પુત્રી થાઓ ?

મૃત્યુકા--હા; તેથીજ નિર્ભય થઇ ફરૂં છું.

ચી૦--અરે તું તો પણ રાજા રાવણાંદી જેવા જેને ત્રીપુરારી સહાય હતા. તેને પણ મોતનો ભય હતો તો તને ને

તારા પીતાને કયમ ન હોય.

મૃ૦--પ્રાણનાથ ! તે તો મુરખ હતા તે મુઆ. પણ મારૂં અને મારા પીતાનુ મોતતો મારા હાથમાં છે.

ચી૦-તું મારી સ્ત્રી થઇને મારાથી જુદાઇ રાખે છે તે તને છાજતુ નથી. તારાજ હસ્તમાં તારૂં તથા તારા પીતાનું મૃત્યુ હોય તો મને બતાવ.

મૃ૦--મારા નાથ ! આપ એટલા ઉતાવળા કયમ થાઓછો. શું મારો વિશ્વાસ નથી ? (બતાવીને) જુઓ આ તખ્તી. તેમાં મારૂ તથા મારા પીતાનું મૃત્યુ છે કે નહીં ? અને વળી અમારી સર્વે ખોટી માયા પણ આનો પેહેલો મંત્ર ભણેથીજ નાશ પામે છે.

ચી૦—(વાંચીને સ્વગત) અરેં આમાંતો આ દુષ્ટાનું મોત અને રાજકન્યાએ કીધેલા પેલા ધોધની અંદર જવાનો રસ્તો બહુજ સેહેલી રીતે છે.

મૃ૦--(લેહેરમાં)ચાલો શયનગૃહમાં જઇ આરામ કરીએ.

ચી૦--(ક્રોધયુક્ત થઇને) હવે કોષ્ઠમાં જઇ આરામ કર.

મૃત્યુકા૦--કેમ એમ કહેવું પડેછે ?

ચાત્રસેન--અમારી ખુશી.

મૃ૦--વહાલા ! ઝાઝી મશ્કરી હોય ? (ભેટવા જાયછે.)

ચી–જા દુષ્ટ! દુર ઉભી રહે નહીંતો હમણાંજ બાળી ભસ્મ કરી નાંખોશ.

ગાયન.

જા ઠગારી નારી ન્યારી અહિંઆથી થા,
મારીશ લાતે આ લાતે આ લાતે ભલા.
ચતુર નર છેતરત ચતુરા કહ્યા,
તૃણ ખાતે તૃણ ખાતે તૃણ ખાતે ભલા. જા.

મૃ૦--શુ હાથનાં કીધાં હૈયેજ વાગ્યાં ?

ચી૦--અલબત્ત દુષ્ટ વાંચ્છના ધરનારને એજ શીક્ષા લાયક છે.

મૂ૦--હું તને કરગરીને કહુંછું કે એ તખ્તી મને આપ હું તને છોડી દઊંછું.

ચી૦--તું એમ સમજીશકે કાલાવાલા કરી ફોસલાવી લઊં. પણ હવે તો તારો નાસજ કરૂં. કે નીર અપરાધી પ્રાણી તારી જાળમાં ન ફસે. (મંત્ર ભણેછે મૃત્યુકા લય પામેછે.) વાહ ઇશ્વર! આ એકની બલામાંથી તો છુટકો કર્યો. હવે ચાલ્ય પેલા રાક્ષસની જીંદગીનો અંત આણવા ઉપાય કરૂં. (જાયછે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ--પડતા ધોધનો દેખાવ.

ચીત્રસેન. **ગાયન.**

હાએ ભારી કેવી કારી છે અંધારી
નીશા ભયાનક હારી.
ઝુંડ ઝુંડ અતી દીસે, પ્રભુ તું દે તારી. હાએ.
વીકટ વન વૃંદે હું હાયે કરૂંછું.
મોરારી વીહારી દે દુઃખ આ ભારી હાએ.

અહા! જે રાજ્ય કન્યાએ પેલા પાણીના ધોધની નીશાની આપી હતી તે આજ જણાયછે. અરે પાણી કેવા જોરથી સુસવાટ કરતું પાતાળમાં વહેછે. કેવો આ જંગલનો બીહામણો દેખાવછે. અરે કેની હીંમત રહે. મોટા સુરવીરો હારી જાય તો હું કેમ ના ડરૂં.

ગાયન.

હાયે ધરૂં કેમ ધીર,
ધડક ધડક મમ હૃદયજ ધડકે, અલૌકીક આ નીર હાએ.

થરર થરર કંપે અતી તન મન, સુખ ન મળે શરીર.
સહાય કરો શ્રિપતી આ દીનના, ભાગો મારી ભીર. હરએ.
આકાશ વાણિ થાય છે. દોહરો.

ધીરજ ધરી નર કીજીયે,
સફળ કામ થાય સિધ;
હીંમત હારે ના સરે પામે તે નવનિધ.
છે ગતી હરીની ન્યારી, ગયા દેવ દાનવ સૌ હારી. છે.
નારદ શારદ શેષ નરેશ, ભેદ પામ્યા ત્રિપુરારી. છે.
અમુલ્ય ચીજ તુજ પાસ પડી છે, કામ કરશે તે ભારી છે.

ચીત્રસેન—હા ! હુજ ભુલુંછુ પેલી દૈત્ય કુમારીકાએ જે તખ્તી આપીછે તે આ વખતે ઘણીજ કામ આવશે ચાલ તેનો ઉપયોગ કરૂં. (મંત્ર ભણી પાણીમાં કુદેછે ને તેના જોરથી સર્વે અદ્રશ્ય થાય છે). વાહ ! શું સુશોભીત ગુફ છે પણ પેલું પોપટનું પાંજરૂં કયાં હશે (પાજરૂ જોવાથા) સામે લટકતું દેખાય છે તેતો નહીં હસો હા, તેજ (લેવા જાયછે. એટલામાં એકદમ અંધકાર થાયછે ને એક રાક્ષસ વીચીત્ર સ્વરૂપે પ્રગટ થાયછે.)

ગાયન.

હાય આશું થયું માયા અપરમ જાળ.
હાય આશું થયુંરે એકદમ અંધકાર.
બે સુમાર ભરપુર, ખરે ધડકત ધડકત.
ધડ ધડ ઉર આ હું છું હરી તારો બાળ
દીનનના પ્રભુ દયાળ. હાય૦
તન મન ધનથી અતી થયો હેરાન
થર થર ધ્રુજત ખરે ધરે કોણ આ સમય.
મુજ પરતો દયા મયા કરો મુજપર,

હરી જાણીને તું દાસ, પુરો મારી આશ.
પ્રભુ રાખોને નિજપાસ, ન કરો નિરાસ.
પળમાં મરુ પળમાં ગરૂ. પળમાં મરુ ન કીજે બે હાલ. હા૦

રાક્ષસ—ઓ કાળા માથાના માનવી શું મારી ચોકીમાંથી મને છેતરી આકીર લઇજવા માગેછે, યાદ રાખકે હમણાંજ તને તેની શીક્ષાએ પોહોચાડું છુ.

ચીત્રસેન—દુર ઉભો રહે દુષ્ટ, હમણાંજ તને યમપુરીનો રસ્તો બતાવું છું.) મંત્ર ભણેછે રાક્ષસ નાશ પામેછે. ચીત્રસેન ખુશી થતો પોપટ લીયેછે એટલામાં અપ્સરાઓ પ્રવેશ કરેછે).

અપ્સરાઓ **ગાયન.**

અખીલ જગત ઇશ કષ્ટ કાપીયું કળે.
દુરીત દુર બહાદુર રાખીયા બળે,
નિશાચરોથી તું કદી ચળાવ્યો ના ચળે,
વિધ્ન નાશ પામજો આશીશ એ ફળે;
નનામી દેવાભરં તવ ગુણ અપાર સાગરં
શ્રી વીઠલ વ્રજ નાયકં તવ નામ સુખદાયકં,
નમી નમી વંદુ દયાળને,

ચીત્રસેન— **ગાયન.**

માનુ ઉપકાર તારો આભાર અરે સૃજનાર.
મન મારૂં વારૂ અતી તુજપર હું,
આપ કોટી હરના તું કરન તું કીરતાર.
કાપો દુખને આપો સુખને. માનું૦

પ્રવેશ ૮ મો.

સ્થળ આગલું જંગલ.

પાત્ર જોરસીંહ—દાજી ગોદડભા--કહળોજી રૂપસીંહ વાઘજી--વી૦

જોરસીંહ—તમો સર્વ આ સ્થળે બેસો. હું આટલામાં શીકાર કરી આવું છું.

દાજી--ગોદડભા! રાજ્ય કન્યાનો પતો મળ્યો નહીં, હવે કેમ કરીશું?

ગોદડભા—દાજી! હું તો ઊત્તર દશામાં શોધી શોધીને થાકળો બન્યો પણ પત્તો ના લાગ્યો આતો ચમતકારની વાત હો.

કહળોજી--ગોદડભા! દખણ દશાગાંતો ઝાડે ઝાડનાં પાંદડાં ફર્યાં અને ઘણાએ રાક્ષસનાં માથાં કાપ્યાં તોએ હારીને બેઠો.

રૂપસીંહ--કહળાજી! તમે કીઓસો તે હઉ હારુ પણ હું તો પુરવ દીશામાં ગીઓ ત્યાં બહુ બહાદુરી કરી અને એવી લડાઇ માંડીકે એક તલવારે હજાર તુમલા હારે કાપતો.

કેશરીસીંહ—રૂપસીહ ઠાકોરની શી વાત કરવી પણ હું પછીમ દીશામાં ગીઓતો ત્યાં એટલાતો વાઘ જોયા જો મારી જગાએ કોઇ બીજો હોત તો તરત મરી જાય. ઇતો હુંજ પાછો આવું. દાઝીને કહું તે એકેક હાથે સો સો સાવજનાં માંથાં હારે અફાળતો. અને એક ફેરેતો એવું થયુંકે એક મોટું લશ્કર અધર આવતું હતું. લશ્કરને જોઇને બંદાએતો કમર બાંધી અને હાથમાં તલવાર લઇને એવીતો બહાદુરી કરીકે કેટલાઅનો ઘાણ કાઢી નાંખ્યો જ્યારે તે લોકોનાં માથાં નીચે પડયાં ત્યારે તપાસ્યું તો એવ્યાં જનાવર તીડ થાય છે તેનાં અસલાં નીકળ્યાં,

દાજી—કેવા કાળમાં આવ્યાં હતાં તેકો?

કહુભોજી—હાં, હાં, ઈ જોઈ.

રૂપસીંહ—બાહાદુરી તો બહુ કરી, માટે તમને કાંઈ અનામ આપવું જોઈએ સું કરૂં કે માથું છે નહીંતો પાઘડી આપત.

દાજી—હાં બા હાં, એતો ગરાસીઆ બચ્ચા શીવાય બને કેમ ? સું કાંઈ બકાલ બહાદુરી કરશે ? (અવાજ થાય છે તે સાંભળી) નાસરે મારા બાપ અધધધ આતો આભ તુટયો.

કેશરીસીંહ—દાજી ! હવે કયાં સંતાશું ?

કહુભોજી—હાય હાય ! દાજી આનો રાખહ દેખાય છે રાખહ.

ગોદડભા—ખાધોરે ખાધો હું હવે કયાં જાઊં (ધ્રુજેછે).

રૂપસીંહ—મારા શા ભોગ લાગ્યા કે હું તમારી ભેગો આવ્યો.

દાજી—હે મેલડી આઇ, હે બીમડોઆ વીર જો આ દખમાંથી અમે હૌ ઊગરીએ તો સધાપાલીનો ખીચડો ચડાવશું.

જોરસીંહ—(પ્રવેશ કરી) કેમ મુરખાઓ તમે શી ધાંધલ મચાવીછે?

દાજી—કોણ જોરસીંહભા ? અરે આંઇતો એક મોટો રાખહ આવ્યો હતો કેમ કહુભાજી ?

કહુભોજી—હારે હા એતો સારું થયું કે દાજીએ માનતા કરી, જે આડી આવી નહીંતો અમે કયારનાએ કરસનીયાની દરબારમાંએ પોહાચ્યા હતે.

જોરસીંહ—તમે બીંના શાથી ? હું આટલામાં ફરતો હતો મારા જોવામાં કેમ ના આવ્યું.

ગોદડભા—અરે એતો અધર ઉડી ગયો અધર.

રૂપસીંહ—જોરસીંહ ઠાકોર ! એતો મોટો ભડકો થયો કે અમારાતો હોંશ ઉડી ગયા.

જોરસીંહ—જાઓ, જાઓ, મુરખ઼ઓ ! એતો મેં બંદુકનો બાર કર્યો તેથી તમે બી ગયા તો પછી સોધ કેમ કરશો? તમારા

જેવા મરદોથી તો બાઇડીઓ સારી.

દાજી—ત્યારે તમે બંદુકડી ફોડી હાં હાં હાં હાં.

કલુભોજી—ચેતાવવા તો હતા કે અમે હુશીયાર થઇ જાત; શું અમે કાંઇ નાદાન બાદાન હતા

જોરસીંહ—આથી કેવા નાદાન. એક નાનીજ બંદુકના અવાજથી બે બાળકા બન્યા તો પછી રણસંગ્રામમાં કેમ ઉભશો?

દાજી—ઇવાનતો નોખોસે ત્યાંતો અગે સામે ઘાએ મરીએ પણ પીઠનો ઘા એકે ન લઇએ.

જોરસીંહ—ચાલો, તમારા ટાયલા જવા દો આપણે જે કામે આવ્યા છીએ તે પાર પાડીએ ત્યારે જ શાંતી થશે. (જાયછે)

પ્રવેશ ૯ મો.

(સ્થળ અગ્નિ કુંડ)

(ચંદ્રીકાને કૃત્યાસુર પકડી લાવેછે.)

ચંદ્રીકા— છંદ.

અરે સું તું મુજને, હરિ દુઃખ દઇ મારીશ હવે;
નીરાધારે બાળા, બળિ જઇશ હું દુઃખદ દવે.
કીયે જન્મે કીધાં, દુરીત ફળીઆ દુઃખદ આ;
હરીરે ઉગારો, વીનતિ સુણી કાને ધરી દયા.

કૃત્યાસુર— ગાયન.

નાર નાર તું પ્યારી વીચાર લગાર આવાર
કરીશ તુજને ઠાર અરે આ સમે.
સમજ પ્રાણ આધાર અરે આ સમે.
રંગીલી રસીલી. છબીલી, સેજીલી નાર હઠીલી.

જાણી લે તું મુજને યાર, મારીશ માર માર તાબેદાર.
કરીશ હું આ વાર વાર. નાર નાર.

ચંદ્રીકા **ગાયન.**

દુષ્ટ દુર મુજ તનથી તુરે, ઓ નાદાન ન કરતું હેરાન.
નાર પર વાર શું કરે આહાર, દુર, દુર, દુર, થા હેવાન.
નિચ કત્લ કરવામાં, જાશે તારી જાન. પાપતું, કાપતુ,
પાપી બાની, આ ગમ ગાની, જાતું માની માની. દુષ્ટ૦
મુરખ મુરખ જાર કરમ તું છોડ જાણી લે તું જગત છે ફાની.
બની જાતું ગ્નાની, અતી ગુમાન, નધર ધ્યાન
અને-તજી દે તુ આ તોફાન, હઠ હઠ દુર દુર થુ થુ થુ થુ
ફીટકાર તુજ મુખનીપર રહેસે સદાની. દુષ્ટ૦

ક્રુત્યાસુર—ઓ નીર્લજ અબળા હજીપણ મારૂં કહેવું માન નહીં તો તારે પસ્તાવું પડશે.

ચંદ્રીકા—એમ કરવા કરતાં મરવામાં વધારે સુખ છે.

ક્રુત્યાસુર—ત્યારે મરવાને થા તૈયાર.

ચંદ્રીકા— **ગાયન.**

હાએ કરૂં શું ઉપાય થી મુજ ગતી આ,
તનમન પ્રીય વીના અતિ અકળાયે.
દનદન કેમ દુઃખ મુજથી સહેવાયે. હાયે.
ધડક ધડક ગમ ઉર ધડકાયે
થડક થડક જીવ અતિ થડકાયે. હાયે.

અરે પ્રભુ! ત્યારે શું મારા ભાગ્યમાં કમોતે મરવાનું લખ્યું હશે?

ક્રુત્યાસુર—હા તુજ જેવી સુકોમળ બાળાને અગ્નીને ભોગ આપીશ. ત્યારેજ અગ્ની દેવ રાજી થશે. ચાલ સમર તારા ઇષ્ટ દેવને.

ચંદ્રીકા—ઓ દૈવ! મેં શો અપરાધ કર્યો હશે કે હું એક નીરપરાધી મારી જાઉછું. હાય હું મારા માત પીતાને ક્યારે મળીશ.

ગાયન.

આશભારી મારી સર્વે તુટીહો
માત તાત ભ્રાત જાત દુર કર્યા જગ્ત તાત
નિશ્ચયછે મરવું જાણી હું છુટીહો. આશ.

કૃત્યાસુર—કેમ તારો લવારો પુરો થયો કે નહીં ?

ચં૦-ખુશીથી હવે મારી નાંખ્ય.

કૃત્યાસુર—કેમ ? હજી સમજવું છો નહીતો અગ્નીના મુખમાં જવું પડશે.

ચં૦—શું ઇશ્વર મારી સાહે નહીં કરશે! પાપી તારી કરણીનાં ફળ તારે ભોગવવાં પડશે.

કૃ૦—બસ ! બસ હવે જવાદે તારી કડાકુટ (ચોંડુ ઝાલી માતા પાસે લઇ જઇ ઘુંટણીએ કરી) હે અગ્નિદેવ તારા બળીદાનને લઇ તૃપ્તી કર. લેજે આ અગ્નિદેવ ભોગ. (કહી તલવાર મારવા જાયછે ચીત્રસેન પ્રવેશ કરેછે).

ચીત્રસેન—સબુર, સબુર, ઓ દુષ્ટ! હમણાંજ તારા પાપનું ફળ ભોગવવું પડશે.

કૃ૦—ઓ કમનસીબ માનવી શું તને તારો જીવ નથી વહાલો ? તારા ઉપર દયા આવેછે, કેમકે હજી તારી કીશોરવય છે માટે તારા માત પીતાને સંભાળી લે.

ચી૦—પેહેલાં તને નર્કનો રસ્તો બતાવીશ પછી હું મારા માત પી-તાને સંભારીશ. લે ચાખ્ય સવાદ (પોપટ બતાવેછે)

કૃ૦—(ચકમકીને! સ્વગત) અરે! આશો જુલમ ! મારા મોતનો પો-પટ આ રાજકુમાર પાસેછે, હવે શી રીતે લઉ (પ્રકાશ) ઓ

ઉદાર દીલના રાજકુમાર હુ તને કરગરીને કહુંછું કે એ પોપટ મને આપ. હું તારા દરેક કામમાં મદદ કરીશ અને કોઇ દિવસ આવા અવળાં આચરણ નહીં કરૂં.

ચીત્રસેન—હા, હા, હું સારી રીતે સમજુંછું કે તું ખરો ધર્મીષ્ટ છે. પણ હવે તારો છુટકારો નર્કમાં પણ થનારો નથી. તારા જેવા ચંડાળે આ પૃથ્વી પર વધારે જીવવું સારૂં નથી, લે પહોચ નર્કમાં. (પોપટને મારી નાંખે છે),

કૃત્યાસુર—હાય. હાય, મે મારી કરણીનાં ફળ ભોગવ્યાં, અરેરે ઓ ઓ (મરી જાય છે. વિંગમાં જતો રહેછે.)

ચંદ્રીકા—(રાક્ષસના મરવાથી બીહીને મુર્છા પામે છે).

ચીત્રસેન—(પાસે જઇને) રાજ્યકુમારી ! સાવધ થા નિર્ભય રહે; હવે તું કશી વાતે ડરીશ નહીં.

ચંદ્રીકા—(સાવિધ થઇ ઉઠીને ગભરાયેલ ચહેરે) તમે કોણ ?

ચીત્રસેન—બીહીશ નહીં. હુંજ તને વચન આપી આ દુષ્ટના મરણની શોધ માટે ગયો હતો તે.

ચંદ્રીકા—કોણ! મારો પ્રાણ બચાવનાર ચીત્રસેન ?

ચીત્રસેન—હા, હું તેજ.

ચંદ્રીકા—(ભેટી પડે છે મારા પ્રાણરક્ષક જો તમે બે ઘડી મોડા આવ્યા હોતતો આ પાપી મારો જીવ લેત. ઇશ્વરની ગતિ ન્યારી છે.

ચીત્રસેન—રાજ્ય પુત્રી ! હવે વિલંબ કરવો નહિ. વળી આ જંગલમાં કાંઇ બીજું વિઘ્ન નડશે. ચાલ્ય હું તારા માત પીતા પાસે તને પોહોંચતી કરૂં.

ચંદ્રીકા—(સ્વગત) આહા ! શું સુંદર સ્વરૂપ છે ! શું પરાક્રમ ! શું એમની મુખમુદ્રા ! આ પુરૂષ કોણ હશે? મારૂં ચીત્ત એના રુપમાં લોભાય છે. પણ મન સબુર કર. એમની જાત

બાતનો પુછી લઊં ગમે તે જાત હશે પણ એજ મારો પ્રાણપતી.

ચીત્રસેન—રાજયકુમારી હવે નિર્ભય થઇ ચાલો.

ચંદ્રીકા—કયાં ?

ચી૦—તમારા બાપને દેશ.

ચં૦—હા; પ્રિયતમ ચાલો પણ હે પ્રરાક્રમી રાજ્ય પુરૂષ તમારો દેશ માત પીતા કોણછે ?

ચી૦—(સ્વગત) જેવી રીતે મારા મનમાં એની સુદરતાની છબી વશી ગઇછે તેમજ આને થાય છે. (પ્રગટ) હું ક્ષત્રીછું મારો દેશ ચીત્ર ગઢ છે.

ચં૦—(સ્વગત) આહા ! હું કેવી ભાગ્યશાળી (પ્રગટ) પ્રિયતમ ! હવે મારા બાપને ત્યાં મારે જવું નથી.

ચી૦—કેમ ! ત્યારે કયાં જવુ છે ?

ચં૦—પ્રિયતમા મારા પ્રાણરક્ષક! તમારે દેશ ચાલો હવે નિશ્ચયસમજો કે આ તમારી અર્ધાંગનાજ છે.

ચી૦—રાજય બાળા, તમારાત પીતાની આજ્ઞા શીવાય આમ એકદમ સાહસનું બોલવું ઘટીત નથી.

ચં૦—માત પીતાતો જન્મ આપનાર છે; પણ સંસાર સારનો આપજછો. તેમજ મારા પ્રાણપતી! તમે નહોતતા મારો જીવ કોણ બચાવત.

ચી૦—મેં મારો ક્ષત્રી ધર્મ બજાવ્યો છે એમાં નવાઇ નથી કરી. મારા દેશમાં જવામાં હાલ કેટલીક અડચણ છે ત્યાં દુશમનનું જોર ઘણું છે માટે તારા બાપને ત્યાં જવું મને ઠીક લાગેછે.

ચં૦—બસ તેમ કરો મારા પીતા પાસેથી જોઇશું તે મદદ મળશે પણ હાલતો જગનિયંતા પરમેશ્વરની સ્તુતી કરીએ.

ગાયન.

વા પ્રભુજી તારી ગતી શીઆ.
લીલા કરતા પ્રગટ કરન પ્રભુ, નમુ તુજ પદમાં
સુંદર શામ હરીશ્રી હરઠામ, હરી ગામોગામ હરી; પ્રભુ.
બચાવ્યાં કરેથા મેહેર તેં કરી, મનથી તનથી.
ધરીયે હૃદયે તુજ નામ રે શ્રીરામ હરદમ આશ તારી
સાહેકર હમારી ચરણ નમું મોસરી; પ્રભુજી.

પેહેલો અંક સમાપ્ત.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો

સ્થળ-રસ્તો.

પ્રેમચંદ—ભાઇ મુગચંદ! આપણા માહારાજાનો નિર્વંશ ગયો રાજ્ય ચલાવનાર કોઇ ના રહ્યું હવે આપણીતો બુરી દશા, લુટારાને પ્રપંચી લોકનું જોર હવે વધશેને ધનવંત માર્યા. જશે. દેશની ખરાબી થવામાં હવે બાકી નહીં રહે.

સુમચંદ—હા! ભાઇ એમ છે, પરંતુ પ્રધાનજી ઘણા શાણ છે જો તે ધારેતો પોતે રાજ્ય બથાવી પડે તેમછે પણ શી તેમની ગંભીરતા! પોતે નિર્લોભપણે કશી વાતે રાજ્ય ખટપટ ન કરતાં એવું ઠરાવ્યું છેકે આ રાજયાસન ઉપર કોઇ બીજાને બેસાડવોછે. (નેપથ્યમાં)મહારાજા અજીતસિંહનો નિર્વંશ જવાથી આ દેશની રાજ્યગાદી સુની છે. તેટલા માટે દરબારીઓએ એવો ઠરાવ કરેલોછે કે માહારાજાની સવારી નીચે એક એક હંસ ઉભો

કરવામાં આવશે તે જેના કોટમાં હાર નાંખશે તેને રાજ્યાસન ઉપર બેસારવામાં આવશે માટે કાલે સવારે સર્વએ ત્યાં આવવું (ડુંડી વાગેછે.)

નેમચંદ—જો ભાઇ સાંભળ આ સાદ પડેછે. ચાલ્ય ભાઇ આપણે ત્યાં જઇએ કોઇએ પુર્વે તપ કર્યા હશે તેને રાજ્યાસન મળશે.

ખેમચંદ—હા ભાઇ ચાલો જોઇશું તો ખરા! (જાયછે).

પ્રવેશ ૨ જો.

સ્થળ—રાવટી.

(હંસની ચાંચમાં ફુલની માળા છે. રાવટીમાં પ્રધાન વિગેરે દરબારી બેઠા છે.)

પ્રધાન—ગુરૂજી! હવે ધર્મક્રીયા કરાવો.

ગુરૂ—હા, મહારાજ કરાવું છું. હજુસુધી સેનાપતી સાહેબ બ્રહ્મકુમારીને તેડવા ગયાછે તે આવ્યા નથી એ આવે એટલીજવાર છે.

સેનાપતિ—(પ્રવેશ કરી)મહારાજ! આ બ્રહ્મકુમારી. એની પાસે પુજા કરાવો.

ગુરૂ—(છોકરીને)એના! આગ આવો. (હંસની પુજા કરાવેછે. ગુલાલ, પુષ્પ ચંદન ચઢાવેછે. પછી પોતે ઇશ્વરની સ્તુતિ કરેછે.)હે પ્રભુ! બવીષ્ય પુરાણમાં અને સ્મૃતીમાં પુર્વના રુષીઓએ જે નિયમો બાંધ્યાછે તે મુજબ મેં આ પ્રયોગ કરાવ્યો છે. હે જગનિયંતા! સર્વનું પાલકરનાર આ હંસરૂપમાં તું પ્રગટ થઇ આ રાજ્યાસન ઉપર યોગ્ય માણસ સ્થાપીત કર્ય. (પ્રધાનને) મહારાજ! આ ઇશ્વરરૂપછે.(હંસને) આ પ્રશ્નનાબાનાનો પ્રયોગછે. અહીં જેના ભાગ્યમાં હશે તેને હાર પેહેરાવશે. તે તમો બધાને કબુલ છે?

પ્રધાન—હા, મહારાજા! અમો ધર્મ માથે રાખી કહીએ છીએ કે આ વાત અમારે કબુલ છે જગકર્ત્તા પ્રભુને ત્યાં અન્યાય નથી. તેતો સર્વ ન્યાયેજ કરે છે. હે જગદીશ્વર! અહીં આગળ યોગ્ય માણસને સ્થાપીત કરનાર તુંજ છે.

ગુરૂ—(સીપાઇને) બાઇ હવે લોકોને આવવાની છુટી આપો.

સીપાઈ—(નેપથ્ય ભણી જોઇ) ગીર્દી ન કરો એક પછી એક આવો.

(બે વણીક પ્રવેશ કરેછે.)

ખેમચંદ—બાઇ નેમચંદા મેંતો દડરોજ શ્રી ગોઢથનનાથજીની પુજા કડી છે જાટરાઓ કડીછે, ધડમકામ કર્યાં છે આખો જનમારો ધડગમાંજ ગાડયોછે. જો માડા ધડમ પડમાંણે મને પડમેશ્વર આપે ટો મનેજ રાજ મડવું જોઇએ.

નેમચંદ—હા. મેં પણ શેત્રુંજે, ગીરનાર, ચોવીશ ટીર્થંકર, આબુ ચોવીશ યાત્રા વીગેરે કરવામાં બાકી રાખી નથી.

ખેમચંદ—ટમને રાજ્ય મડેતો તમે શું કડો રાજ્ય ચડાવતા આવડેછે?

નેમચંદ—રાજ્ય ચલાવવું ટેમાં ટે શું ?જુઓ મારી કેટલી દુકાનો છે. કેટલા વાહાણ સફરેછે તેનો વહીવટ ચલાવુંછું ટો એમાં ટે શું. હું ટો આમ કરૂં.

(મનહર.)

કરવાર ખાતર દેશો દેશમાં દોકાનો કરી,
સપડાવીએ વીશેષ નાણું ટો સરાફીએ;
ચાલે નહી ટેટલાજ રાખીએ ચાકરીઆત,
લગાર લગારઢો પગાર સૌનો કાપીએ,
કવિ ગુણુ પંડીટ કે આવે કોઇ આશા ધરી,
કોઇને કડાપી એક ડમડી ના આપીએ.
મને મળે રાજ ટો હું કાજ મોટું એવું કડું,

થાપાનુ કરોડ બે કરોડ કરી કાપીએ. ક૦ દ૦ ડા૦
પણ તમે શું કરો ?

ખેમચંદ—આપડે પડથમ પડધાનને રજા આપીએ કારણ તેમનું કામ નથી સેનાપતિને પૈસાથી ટડ કરીએ પછી ગામો ગામ દુકાનો કડાવી મોટો વેહેપાડ ચલાવીએ, તેમ છતાં જો ખોટ આવે તો માથે ઓઢતાં કયાં વાડ છે અને જો કોઇ રાજા ચડી આવ્યો ટો વાણીયાભાઇની નીચી મુછ ચાલો ભાઇ જલદી જઇએ મને જોશોએ આ ચોધડીઆનુ મુકટ આપ્યું છે.

(બે બ્રાહ્મણ)

ઉમીયાશંકર—અલ્યા વિશ્વનાથ ! ચાલ્ય, ચાલ્ય; બ્રાહ્મી મુહુર્ત વીતી જશે તો પછી થઇ રહ્યું.

વિશ્વનાથ—મેતો એક ગાયત્રી પુરશ્ચન કરવાનો સંકલ્પ કર્યોછે જો મને રાજ્ય મળશે તો મહારૂદ્ર, વિષ્ણુયાગ, ને એવા એવા બીજા યજ્ઞો કરવા આચાર્યને બ્રહ્માની દક્ષણા આપવી તો પડશેજ નહીં એતો મને આવડે છે.

ઉમીયાશંકર—મને રાજ્ય મળે તો આપણેતો આમ કરવાના.

(મનહર)

સાંભળ કહુંજે ભલા ભાગ્યથી હું ભુપ થાઉ,
ખ્યાનામાં બેસીને રોજ જાઉ ભીક્ષા માગવા.
મોટા મોટા વરી કરીને હુંજ વખણાઉ અને
બ્રાહ્મણ બીજાના અભીમાન લાગુ ભાગવા.
વાડીઓમાં તુળશીના વેલા વવરાવું અને
દરભના પુળાનો અનેક રાખુ આગવા.
આવે શતરૂ બોજ તેને આપું હું આસીરવાદ

બ્રાહ્મણ જાણીને તે તો આવે પગેલાગવા.

(જાયછે) ક૦ ૬૦ ડા૦

કુંડીયો—જો પરમેશ્વર મને રાજ આપેતો બધા ગામના કુંભારના ધંધાનો અજારો લઇને મોટા મોટા અમલદારોને કાઢી મુકીને સંધે ઠેકાણે ઓઝાને રાખુ ગામમાં ઘોડાને ઠેકાણે ગધેડા ભર ચાલ જાય જોઉતો ખરો કીહમત સુ દેખાડશે.

શેરખા—ચાલો યાર તુરખા તકદીરકી તાસીર અણી માલુમ હોગી અલ્લા જીસકો મદદગાર હોગા વોહી તખ્તનશીન હોગા કયું યાર તુરખા ? તુમકો બાદશાઈ મીલે તો તુમ કયા કરોગે

તુરખા—મુઝે બાદશાહી મીલે પીર કયા કહેનેકી બાત, શમશેર ચલાનેમે હમ પીછે હટે એસે નહી હય. (જાયછે)

વિરસિંહ—કેમ પ્રતાપસીંહ! હસતે પેસોજ છે.

પ્રતાપસિંહ—હા, એજ પણ રહો જુગો રાજય મળવું તે તો પુર્વના તપ ઉપર આધાર છે પુર્વે તપ કર્યા હશે તો રાજ્ય મળશે શમશેર ચલાવ્યા વિનાનું રાજ મેળવવું તેતો નિર્થક છે.

વિરસિંહ—હા એમજ છે પણ પ્રતાપસિંહ! તમને રાજ્ય મળેતો કેવી રીતે ચલાવો ?

પ્રતાપસિંહ—દૈવયોગે મને રાજ્ય મળે તો આ બિચારી રૈયત પીડાય છે તેમનું પ્રથમ દુખ ટાળુ, ભયનો નાશ કરૂં. દેવાલીયો, ધર્મશાળા બંધાવવા અને પુન્યદાન કરવામાં બાકી ન રાખુ.

હજામ—(પ્રવેશ કરી) **મનહર.**

સોનાનો સજાયો હુતો, શલાડી સોનાની કરૂ
ચાંદીનોતો ચીપીઓ, કરાવીને વતાં કરૂં;
નરણીએ લટકાવું, લુમખા હીરા મોતીનાં,
ખોટું નહીં વચન આ કહુંછું ખરેખરૂં.

કાતરને કાંશકો કરાવું ઉંચા કુંદનનો,
કોથળીતો કીનખાબની વીવેખ વાવરૂ;
ગળે રાજ ગાદીતો ખાદીનો રૂમાલ ખોઇ,
ઉમદા એકાદો શાલ પથરણે પાથરૂ. ક૦ દ૦ ક૦

ભુખડી—(પ્રવેશ કરીને) મનહર.

ગોળની કરાવું ગાડી, સાકરનો સુખપાલ,
ખાંડનીતો ખુરશીમાં બેઠાં ગીત ગાઇએ;
પેંડાને પતાસા હાર કરી હૈયે ધરૂ,
કચેરીમાં બેઠાં બેઠાં ખાંતે ખાંતે ખાઇએ;
રાંડો રાખોને બે પાસ ચોટા વચ્ચે ચાલ્યા જઇએ,
નદીને કનારે નીત, નાગા નાગા નાઇએ;
પોતે પૃથ્વી પતિ પછી કેના બાપની છે પ્રભા,
સુજે તેમ કીજીયે, શા માટે શરમાઇએ. ક૦ દ૦ ક૦

ચીત્રસેન —(ચંદ્રીકાસાથે પ્રવેશ કરીને) ભાઇ! અહીં લોકો શા માટે જાયછે ? આ દરબાર છે? રાજાનું નામ શું ?

સિપાઈ—ભાઈ અમારા રાજા સ્વર્ગવાશી થયા છે તેમને પુત્ર નથી ગાદી સુની છે માટે આ હંસની ચાંચમાં માળા આપેલી છે તેમાં જેના કોટતાં નાંખે તે રાજય ઉપર બેસે એમ ઠરાવેલું છે માટે આ લોકો અહી આવે છે તમારે જવું હોય તો સાં જાઓ.

ચી૦--(સ્વગત જો મારા નશીબમાં રાજય હોતતો મારૂં પોતાનું રાજ્ય કેમ જાત. (ચંદ્રીકાને) આપણે ત્યાં જવાનું શું પ્રયોજનછે?

ચં૦—પ્રીયતમ? ચાલો તો ખરા એમાં તમારૂં શુ જનાર છે.

ચી૦—ભલે ત્યારે ચાલો હંસ પાસે જાય છે ને હાર પેરાવે છે).

ગુરૂ—મહારાજનો જય જય થાઓ તમેજ હવે આરાજયના માલીક થયા.

પ્રધાન—માહારાજ આપ કોણુ છો? આપનો કયો દેશ ? માત પીતા

કોણ ? અને આ રાજકન્યા કોણ છે? માહારાજ હવે આ રાજ્યના માલીક આપ છો અમોને જે ફરમાવશો તે પ્રમાણે કરવા તૈયાર છીએ.

ચી૦—હું એક રજપુત છું દૈવયોગથી અને પુર્વના કૃત્યોથી આમ બહાર રખડવું પડે છે. આ મારી સાથે છે તે પણ એક રજપૂતની દીકરી છે.

સેનાપતિ—મહારાજ ! અમારાં ધન્ય ભાગ્ય કે આ ગાદી ઉપર યોગ્ય માણસ મળી આવ્યું. પરમેશ્વર સર્વ સારાં વાનાં કરશે ચાલો દરબારમાં.

ચી૦—હા ચાલો (સર્વે જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—રૂડીઆ કુંભારનું ઘર.

રૂડકી— ગાયન.

મુવા અહીંયાંથી તું જા મને શીદ પજવે,
મને શીદ પજવે મને શીદ પજવે.

છોકરો—ઓ માડીરે ભુખ લાગીરે, ગ્યો બાપ મા રોકયા માગીરે.

રૂડકી—તારા બાપનુ કાળજુ ખા, મુવા મસાણે તું જા.

છોકરો— પણ શીસે ચહીકાં.

રૂડકી—લે લેતો તું જા.

છોકરો—ઓય બાપા— મુવા અહીં.

છોકરો—માડા મને ભુખ ભુખ લાગીસે મારો બાપઆરનોએ ગીઓ સે પણ કેમ નથી આયો (રૂડીઓ પ્રવેશ કરેછે).

રૂડકી—મુઆ પીટયા તું ક્યારનો ક્યાં જયોતો આ તારો વહતાર મને તો જાણે કયડીને ખાઇ જયો રડયાને કાંઇ ધંધો ન કરવો

અને ખોલકાની પેઠે આખો દહાડા રઝળવું.

રૂડીઓ—અરે મારી બાપુડી આટલી બધી ચડભડી સું જાય છે.

ગાયન.

ચાલ્ય વાહાલા મુઇ લાડ લડાવું.

રેહો તારો જીવડો બાંધ્યો રૂડીઆના જીવથી

રૂડકી—મેરરે મુરખ બકે તું; કહે કહેવાની વાત હો તારો; જી.

છોકરો—રુખડ કાકો કાખલી કુટે.

રૂડીઓ—જા જા મારીશ લાત હો તારો. જીવડો.

રૂડકી—સોકરડો આ ભુખે મરે છે. હે ખાવાને અન હો તારો; જી.

રૂડીઓ—રાંડ કહે હું લાવુ કયાંથી, રજળ્યો બહુ વન હોતારો; જી.

રૂડકી—ત્યારે મુઆ ચ્યારના ચ્યાં જયોતો કાંઇ લાયોસે?

રૂડીઓ—વાલામુઇ હુંતો રાજ લેવા જયોતો પણ તેમળે ચ્યાંથો.

રૂડકી—આ તારા કપાળમાં હોય ત્યારેને[કપાળમાં ડામ દે છે) મારા રડયા ખોલકા જા અહીંથી કાંઇ ખાવાનું લેઇ આવ્ય.

રૂડીઓ—રાંડ ખોકલી કયાંથી લાવુ. આ ગામમાંતો કોઇ મારૂં વાહણ લેતું નથી હવે તો હારીને બેઠો તને દયા આવતી હોયતો તું કમાને બંદા ખાય હવે આપણામાં હકતી નથી.

રૂડકી મેર મારા રોયા, બાયડી થયો હોતતો કોઇ કુંભારનું ઘરતો માંડત

રુડીઓ—જા જા રાંડ કાણુડી, બાયડી જેવી બાઇડી થઇને ભાયડાંને મેણાં મારતાં લાજતીએ નથી.

રૂડકી—પંગુ પીટડીઆ આ તારો બાપ ભુખ્યો કયાં સુધી પડયો રે'શે જા જઇને પાટીયા તાવડી વેચીને ચણાનો લોટ લઇ આવ્ય કે તેનાં ઢેબરાં કરી ગામતરૂ કરીએ. (સ્વગત) આ મુવાં હાથે મારો કયાં પનાહરો પડયો. આ કરતાં કોઇ બીજા

રૂડીઓ—જોયું રાંડ બીજો હાઢ કરવાની ઉમેદ રાખે છે રાંડ ચુડેલ

હાથે ઘર ઘણું કર્યું હોતતો ઘણું હાંરૂ થાત એક તમાચો મારીશતો બત્રીહ દાત પાડી નાખીશ ?

છોકરો—હે બાપા માને મરાય કે?

રૂડીઓ—મુઓ તારો બાપ આ જોને ભુડની માફક રાંડેજણી કાઢયોસે.

રૂડકી—રોયા વગોવે શાનો. સો તારા બાપનો ગરાહ ખાધો છે.

રૂડીઓ—પણ બાપુડી હુંતો તને કલાવતો હતો. ભૂંડી એમતો હમજ કે ભેગા રહ્યા ભાંડ્ડુ.

રૂડકી--હવે લવારી મુકતો જા ભૂડો લાગછ,

છોકરો—બાપા હું તારી હાથે આવઊ.

રૂડીઓ—હા ચાલ હું તને ખાવુ અપાવીશ.

રૂડકી—(છોકરાને કાંડું પકડીને)નથી જવુ મુઆની હગાથે જવા દે તેને.

છોકરો—(રડતા નાના, હુંતો બાપની હાથે જવાનો.

રૂડકી—જો કયુ માનતો માનતો કે.

ગાયન.

છોકરો—મુક મુક મને જવાદી માડી,

રૂડકી—નહી નામ, લે આ ઠામ,

છોકરો—કરી કામ આવુ આમ, ધરી ધીરરે—મુક મને૦

રૂડીઓ—રાંડ દુઃખી ના થાતુ હાથે.

છોકરો—બાપા આવું હું તારી હાથે.

રૂડકી—જા મર તું.

રૂડીઓ—ચુપ કર તું.

છોકરો—બાપા આ ઘડી, પેરો પાઘડી, પીગો ખુબ તાડી મુક મુક મને૦

પ્રવેશ ૪ થો.

દરબાર.

ગાયન.

દરબારી—કષ્ટ કાપ્યું શ્રી હરી કૃપા દ્રષ્ટી તેં કરી
ચીત્રસેન—દુખથી નહી ડરી જવું જરી
દરબારી—સુખદ દીધાં તેં ત્વરી દીનતા કીધી તે પરી
ચીત્રસેન—કથું અરે શું ઉચરી હું હરખડી.
દરબારી--જય જય જય થયો વિજય હરી
ચીત્રસેન--તાજ તખ્ત દીધું તે ફરી સુખ દધીમાં રચ્યોતરી દુખ ગેયાં વિસરી.
દરબારી--ચીત્રસેન રાજ્ય રહો સુખ ભરી.

(ગુરૂ અને પ્રધાન બે જણ હાથ ઝાલી તખ્ત ઉપર બેસાડી તીલક કરેછે.)

ગાયન.

રાજગુરૂ—પામો કીરતી અપાર સાર સહુમાં વામો અરી વાંચ્છના,
જામો પુર્ણ પણે સદા જશ પુરા કામો કરો કીરતીનાં:
સામો શતરૂ સમસ્ત અસ્ત થઇ રહો નામો મહા પાપીનાં
આ મોટા નૃપને સદા સુભ હજો જામો જગ નામના.

ચોપદાર--મહારાજા ધીરાજ ચીત્રસેન મહારાજાને ઘણી ખમા.

કંચનીઓ--

ગાયન.

પ્રીતમજી છેડો નહીંરે મગ મુકો છબીલાજી શામ.
લાલાજી લાજ ન લેશો નાથજી તજી જાંસુ આ તારૂરે ગામ—પ્રી०
આહિરની જાતડીરે શ્યામજી ન પ્રગટ કરોજી આ દામ—પ્રીતમ.
તમોને બીક ન લાગે કંસની જઇ કહીસુ હકિત તમામ—પ્રી०

સેનાપતી—(ઉભાથઇ) મહારાજા અભિનય ક્ષમા કરશો, આપની મુખમુદ્રા હસતી દેખાતી નથી. તેનું શું કારણ છે? આપને કંઇ

વાતની ચીંતા છે?

ચી૦—સેનાધીપતી ! તમે જાણતા હસો કે હું વિચારમાંને વિચારમાં ગુચવાયા કરૂછું તેનું ખરૂ કારણતો એજ છે કે? મારો શતરૂ દુષ્ટરાય! જે મારો નીમકહરામ સેનાપતીછે તેને નિમકહરામીનું ફળ આપવાને વિચારમાં છું.

પ્રધાન---સમયોચિત્ત પુરૂષોને પોતાનું કામ પાર પાડવું જોઇએ તે સદ પુરૂષોનું લક્ષણ છે.

સેના૦—હા મહારાજ ! નિમકહરામી કારભારીઓને ઘટતો દંડ દેવો જોઇએ.

કૈ૦---મહારાજ શેનાપતિ સાહેબનું કહેવું ખરૂ છે જો એવાઓને ઘટતી શીક્ષા થાય તો તેના દાખલા જોઈ બીજા કોઇ અન્યાય ન કરે.

ચી૦—સત્ય છે આપના શબ્દો મારી નેસે નસે પ્રવર્તી થઇ મારા ક્રોધનેસહાયતા આપેછે. વારૂ સેનાધીપતિ! હાલ આપણી પાસે લશકર કેટલું છે? અને લડવૈયા કેવા ચાલાક ને કવાયદમાં હુંશીઆર છે તે જણાવશો.

સેના૦—હાલ આપણી પાસે પચીસ હજાર પાયદલ, સાત હજાર ઘોડેસ્વાર બે હજારનો રસાલો, વિગેરે ચોત્રીસહજારનો બંદોબસ્ત કરવામાં આવ્યોછે. અને તેમાં સર્વ પાસે સજકરેલાં હથીયાર છે કવાયદમાં હુંશીયાર અને સર્વે સુરવીરો છે.

ચી૦---શાબાશ! એમજ રાખવું જોઇએ. કૈશાધીપતિ!

કૈશા—મહારાજ!

ચી૦—આપણા ખજાનાની હાલત કેવી છે અને હાલ કરોડ નાણું કેટલું છે તે કહેશો?

કૈશા૦---મહીપાલ! આપણો ખજાનો આપના પ્રતાપથી ભરપુર છે.

જોઇએ તેટલું નાણું પુરૂ પાડશે.

ચીo—ત્યારે શેનાધીપથી? તમે જાઓ અને લશકરને તૈયાર થવા હુકમ આપો. આપણા પાસેના મેદાનમાં સર્વે હાજર રાખો. કાલે આપણે એ દુષ્ટ ઉપર કુચ કરીશું. કોશાધીપતી! તમે પણ જાઓ! ને સેનાપતી કહે તે મુજબ જે જે લશકરી શામતો હોય તેમને મોમાગ્યું દ્રવ્ય આપી ખુશ કરો. અને લડાઇ સંબંધે દ્રવ્ય તરફની કાંઇ પણ તંગી ન પડે તેમ ગોઠવણ કરો.

કોશાo—આજ્ઞા મહારાજ!

ચીo—પ્રધાનજી આવતી કાલે તમે મારા ખાનગી મેહેલમાં આવજો. તમને એક વાત કહેવાની છે હું પણ જાઉંછું.

ચીo—અસ્તે કદમ દૈલતજાદાને ઘણી ખમાં. (જાયછે).

પ્રવેશ ૫ મો.

આગલો મેહેલ

ચીત્રસેન-- (ગાયન ગાતો પ્રવેશ કરે છે).

ગાયન.

રોળીશ રણમાં પળમાં ઓ પાપી, દેશ તને હું ખડ્ગથી કાપી-રે.
મારીશ તુજને મોકમ મારે, દુષ્ટ હું ઘાલીશ પાતાળ ચાંપી-રે.
શોણિત તુજ શીરનું મુખ મેલુ, ક્રોધ અતિ તનમાં રહ્યો વ્યાપી રે.

હા! હવેજ મારી ઉછળતી છાતી અને ઉકળતું લોહી શાંત થશે. તે દુષ્ટના મનમાં શુ હશે કે રઝળી રખડી મરશે અને હું નિર્ભયતાથી રાજ્યયાસન ભોગવીશ, પણ સિંહનો ભક્ષ જંબુક કેટલીવાર રાખી શકશે.

પ્રધાન—(પ્રવેશ કરી)મહારાજનો જય થાઓ.

ચી૦—પ્રધાનજી! આપણા સારા તંબુમાંથી બે તંબુ રવાના કરજો.

પ્રધાન—બહુ સારૂં મહારાજ! આપ એટલા ઉતાવળા કેમ થાઓછો ધીરજ ધરો ધીરજનાં ફળ મીઠાં છે.

ચી૦—પ્રધાનજી! હવે મારી ધીરજ રહેતી નથી તમે સર્વ સામગ્રી તૈયાર કરો હું મહેલમાં જઇ આવું છું. [જાયછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—અંતરપુર.

(ચંદ્રીકા સુતેલી છે તેને દાસી જગાડે છે.)

દાસીઓ— **ગાયન.**

બાઇ સમય સૂતે થયો તમને—(બે વાર).
આળસ તજી ભજીએ હરિ ચિતમાં,
હર્ષ થશે સખી અતિ અમને, બાઇ.
પ્રાણપતિ તમ આવશે હમણા,
સાવધ થાઓ તજી આ ભ્રમને. બાઇ.

ચંદ્રીકા—(જાગૃત થઇ) **ગાયન.**

ફરકે નયન ઘડી ઘડી, ચીંતમાં ચીંતા અપરમાર,
ધડક ધડકઉર ધકે છે મારૂં, તનમાં સુન્યસાન થઇ રહી સઘળે પ્રાણ અતિ મમ લરજે પ્રબળ જોર અતિ ગરજે, પ્રિય સખી સ્થીતી બની, અતિ બેહાલ, કેશવ કૃપાળ છેદી દે જાગ.

દાસીઓ— **ગાયન.**

બાઇરે ધરોને ચિત્ત ધીર, ધરોને ચિત્ત ધીર. સમા સર્વે જુદાં જાણો, નેણે ન નાખો નીર—ધરો.

ચંદ્રીકા—દાસી ધીરજ કેમ કરૂં મને જે સ્વપ્ન આવ્યું તે અતિ ત્રાસ

દાયક છે. હાય હાય, અરે કહેતાં મારી જીભ કયમ તુટી પડતી નથી અરેરે મારા પ્રાણુ પતિને પ્રાણુ ઘાતક છે.

દાસી—બાઇ સ્વપ્નાની વાત કાંઈ સાચી પડતી નથી, સ્વપ્નામાં દીનતા પામેલો પુરૂષ રાજ્ય સુખ ભોગવે છે, વંધ્યા પુત્રાદીને પામે છે. ક્ષુધાતુર ભોજનાદીને પામે છે અને જ્યારે જાગૃત થાય ત્યારે પોતાની પુર્વ હાલતમાં રહે છે, માટેસ્વપ્નાં સાચાં નથી.

ચંદ્રીકા-અરે પણ મારૂં સ્વપ્નું હમેશ સત્યજ થાયછે (નેપથ્યમાં).

ચોબદાર-મહારાજા ચિત્રસેન મહારાજને ઘણી ખમા.

દાસી—બાઈ સાહેબ ! રાજાજી પધારે છે.

ચી૦—(પ્રવેશ કરેછે. ચં૦—હસ્ત જોડી સામી જઈને).

ગાયન.

આવોરે સ્વામી નમું શીશ નામી,
હૃદય વિશ્રામી પ્રાણ જીવનરે આવોરે.
છો અતિપ્યારા પ્રિતમ મારા,
અરપે દારા તન મન ધનરે. આવોરે.
આશીશ આપું તમને હું પ્રેમે;
નાશજ થાસે તમ દુશ્મનરે, આવોરે.
મુખ્ય સતિની રીતી કહુછું,
જેથી જગેશ્વર થાય પ્રસનરે. આવોરે.

ચી૦--પ્રિયા હું તારી પાસે રજા લેવા આવ્યોછું.

ચંદ્રીકા-- **ગાયન.**

નાથ નાથ મમરે, તમ વિના ઘડી પળ ચેન નહીં થાયે.
પ્રાણુપતિ મમ હૃદય મુઝાએ,
આપના વિયોગે દીન કેમ સુખે જાએ-
ચીત્ત આપત્તિ મમ અતિ ધભરાએ,

મેહેલને મંદીર આપ વિણ ખાવા ધાયે
તન તરસે મન અતિ અકળાએ,
પ્રિતમ વિનાની ત્રીયા કહો ચાંયે.

ચી૦—પ્રિયા ! શા વાસ્તે દીલગીર થાય છે. જેણે મારૂં રાજ્ય કપટથી લઇ લીધું છે તે દુષ્ટને શીક્ષા આપ્યા શીવાય મારૂં હ્રદય શાંત નહીં થાય, તું કહેતો હું તને તારા બાપ ઘેર મોકલાવું અથવા હું તે દુષ્ટને મારી પાછો આવી આપને બન્ને તારા બાપ પાસે જઇએ.

ચીત્રસેન— **ગાયન.**

બ્યાધી તું તજ ભજી લે કીરતાર, રે દીલદાર હુંશીઆર,
નારી સમજ પ્યારી ધારી ધીરજ પ્યારી, આક્રંદ તજ પ્યારી
શાંતિ તું સજ પ્યારી.
નિર્લજ દુષ્ટને મારીશ પ્યારી, રે મુજ નારી હીંમત ધાર. બ્યાધી.

ચં૦—પ્રાણનાથ ! આજે મને દુઃસહ સ્વપ્ન આવ્યું છે. મને માનશુકન થાયછે માટેજ હું આપને વિનવીને કહું છું કે તમે એ દુષ્ટ સામા ન જશો મારા પીતાને મળી તેમની મદદ લઇ જવામાં વધારે સારૂ છે.

ચી૦—પ્યારી સ્વપ્નાની વાત ખરી હોતી નથી શું મારામાં સામર્થ્ય નથી કે હું તારા બાપ પાસે આવી તેમની મદદ માગું. થવાનું હશે તે થશે પણ એ દુષ્ટનેતો પ્રથમ શીક્ષા કરૂં. એના શા ભારછે.

ગાયન.

દુષ્ટ દમું પલકમાં ખ્યાત થાઊં ખલકમાં
જાઊં એક છલકમાં જોર ઝાઝું.
ભુજ મુજ ફરફરે દેહ મુજ થર થરે
ભુમીજો કડકડે મુખ ગાજું—દુષ્ટ૦

મંદને મારવા અર્થી ઉગારવા
ક્ષત્રીને સારવા જનમ લીધો
ટેક સુરવીરની છોડુ જો હું કદી.
તેથી મરવું ભલું માર્ગ સીધો--દુષ્ટ

ચં૦—પ્રિયતમ જ્યારે આપે એમજ નીશ્ચય કર્યોછે ત્યારે સિધાવો પણ

ગાયન.

જાઓ સ્વામી ન છોડી અમને શું
દોષ દઊં હુ કરમને, કે આપુ તમને ન છોડી.
આવું આ વારી સાથે તમારી ધરી હુ
મારા ધરમને, ધરમને, જગતની શરમને ન છોડી.

ચી૦—પ્રિયા! હઠીલી ન થા. અહીં સુખેથી રહે હું જલદી આવીશ.

ચં૦—પ્રાણનાથ! હું તો અહી કદી નહી રહુ. મને કોનો આધાર હું તો આપની સાથેજ આવીશ.

ચી૦—પ્રિયા! લડાઇનાં કામ ઘણાં મુશકલ છે ત્યાં સુખશાન્તિમાં રેહેવાનું નથી વનના અતિ વીકટ રસ્તા ઘણા મુશકેલીએ પાર પાડવાના છે માટે વીચારીજો.

ચં૦—ત્યારે મને આપની અર્ધાંગના નથી સમજતા? વનમાં મને સહાય કરી મારો પ્રાણ બચાવ્યો ત્યાંથી અહીં આવ્યા એ દુઃખ ભુલી ગયછું હવે શું હું આ રંગ ભુવનમાં રહું ને આપ દુઃખ વેઠો. નહી નહીં હું તો આપ સાથેજ આવવાની, જ્યાં તમે ત્યાં હું જે તમારૂ થશે તે મારૂ તમારા સુખે સુખી ને તમારા દુઃખે દુઃખી હું આપની સાથે રહી સેવા કરીશ એજ મારો ધર્મ છે.

ચી૦—પ્રીયા આવી હઠ સારી નહી જ્યારે તમારી તેમજ મરજી છે તો ચાલો તૈયાર થાવ. હું પ્રધાનને રાજ્યની વ્યવસ્થા સોપી આવુંછું.

પ્રવેશ ૭ મો.

સ્થળ રસ્તો.

(કવાયત કરતું લશકર આવીને ઉભૂં રહેછે.)

ચીત્રસેન—સેનાધીપતી ! સર્વે લશકર તૈયાર છે?

સેના૦—હા, મહારાજ ! સર્વે તૈયારછે આપ ફરમાવો એટલે કુચ કરતાં વાર નથી.

ચીત્રસેન—મારા બાહાદુર સામંતો, અને વિરપુરૂસો તમારા ભુજનું બળ આજે બતાવવાનુંછે જે દુષ્ટે દગો કર્યો, જેણે નીમક હરામી કરી, તેના ઉપર કાંઇપણ દયા ન કરતાં ધૈર્યતાથી અડગ પણે તમે સર્વ લડો. મારાં વહાલા સુરવીરો જો લડતા મરશો તો સ્વર્ગ પામસો ને જીતશો તો અચળ કીરતી થશે ચાલો સર્વે કુચ-કરો દૂષ્ટરાય દગો ૫ટકો રમે તેવો છે માટે કાંઇરીતે ફસાશો નહીં. કરો વિજય.

લશકર— **ગાયન.**

સુરજન દૂશમન કરો પાયમાલ
હાં સરદાર કરીએ બેહાલ
સુરવીર રણુધીર જઇ નાખો જાળ.
રકત મારીં કાઢો લાલ
તીર. તમંચા, કટાર, બરછી, ભાલા, તલવાર,
ભોકી મારો અતિ માર
કરી અરીની તો હાર લુટો શહેરને બજાર
સૈ બોલો જય જયકાર
દુરજન દુરજનને કરો ઠાર.
ચાલો કવીક મર્ચની ચાલ.

(કવાયદ કરતું લસકર ચાલ્યું જાયછે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—આગલો મેહેલ.

દુષ્ટરાય—પ્રધાનજી ! આપણા ખાનગી જાસુસ તરફથી એક બાતમી મળીછે અને તેજો સત્ય ઠરેતો આપણે તેનો જલદી ઉપાય કરવો જોઇએ. કેમકે પાણી મોર પાજ બાંધવી ધણી ઉત્તમછે.

પ્રધાન—હા મે પણ સાંભળયું છે કે આપણો દુશ્મન ચીત્રસેન આપણી સરહદમદાં છાવણી નાંખી પડયોછે એ સાંભળતાં મારા રૂવે રૂવે આગ લાગી છે.

દુષ્ટ૦—હા તે દુશમન જીવે તે મારાથી કયમ જોવાય, મેં તેને રાજય ભ્રષ્ટ કરી તેને મારવાનીપેરવી કરી પણ તેના સારાભાગ્યે તે છટકી ગયો તો શું થયુ. ઈશ્વરે મારા હાથથીજ એનું મૃત્યુ લખ્યુ હસે તો કેમ?

પ્રધાન—મહારાજ ! વધારે સારૂ એકે તેની સ્ત્રી પણ સાથેછે.

દુષ્ટ૦—વાહ ! ધણી ખુશીની વાત ઘેર બેઠાં ગંગાજી આવે તો કોણ નહાવા ન જાય. હવે વિલંબ કર્યે શો ફાયદો.

પ્ર૦—મહારાજ! મારા ધારવા પ્રમાણે એ સામસામે યુદ્ધ કર્યામાં આપણાથી જીતાશે નહી માટે દગો કરવો એ સારૂ છે. એની છાવણી આપણા રાજયના જુના સરોવર પાસે છે.

માજી રાજાના વખતમાં મહેલથી તે સરોવર સુધી સુરંગ હતી. પરંતું જો સુરંગીઆને બોલાવી તે સુરંગમાંથી એના તંબુમાં સુરંગ ફોડીએતો હરકત થાય તેમ નથી એના તંબુમાં સુરંગ રસ્તે આપણાં માણસને લઇ જવા ને ત્યાંથી તેને તથા તેની સ્ત્રીને બાંધી સુરંગને રસ્તેજ ઉપાડી આણીએ.

દુષ્ટ૦—પ્રધાનજી! તમારી આ સુચના ધણી સારીછે જાઓ સેનાપ-

તીને મળી તાકીદથી તેનો બંદોબસ્ત કરો.

પ્રધાન—આજ્ઞા મહારાજ! (જાયછે).

ગાયન.

પ્રીતે પેખું પદ્મણી હું રંગે રમે રાચુ યાચુ; હોહોહો હરી.
ભાગ્યવંત ભારે ભુપ રૂપ અનુપ છેજ
સેજમાં હું સુખે નાચું વદુ વદન સાચું સાચું હોહોહો હરી.
નેકીને તજી દીજે, બદી ગ્રહણ કીજે
મારી કરૂ ચુર ચીત્રસેન સંહારૂં.
જોઉં હું તેનું જોર. અરે હાં જુકિત્ત ધરી જીત કરી
કામ કરૂં ન કાચું કાચું:..............હોહોહો હરી......પ્રીતે.

પ્રવેશ ૯ મો.

ચંદ્રીકા ગાયન.

સ્થળ—છાવણી (બારોટ ઝોકાખાતો બેઠોછે).

જુઓ ચંદ્રની શોભા રાજ શોભે સારીરે
કળા પુર્ણ પ્રકાશી આજ, શીતળતા ભારીરે.
મંદ મંદ સુગંધીસમીર, સદા વહે જારીરે
વિયોગની મારે તીર દુઃખ દે વધારીરે.

પ્રીયપતિ નેત્રને પ્રીય લાગે એવો મનોહર કાન્તીવાળો મનને આનંદ આપનાર ઠંડા હીમ જેવા પાણીને વરસાવનાર આ ચંદ્રમાં પતિ વિયોગણીને બહુ દુઃખ દેનાર જણાયછે.

ચી૦—હા; પ્રીયવંદા નદી જળ બીંદુના સંગથી, શીતળ થયેલ, પુ-પુષ્પ ભારથી લચી ગયેલ, વૃક્ષને ઉખેડી નાંખતો, વાયુ પણ આ સમયમાં વિરહી પુરૂષનો સુખકરછે.

ચ૦—પ્રાણનાથ જુઓ આ વર્ષાઋતુની કેવી શોભાછે? આ પર્વતોની ચારે બાજુએથી નીકળતાં ઝરણ વડે ભરાઇ ગયેલાં સરોવર કેવા શોભાયમાન દેખાયછે?

ચી૦—ચંદ્રમુખી! એક વર્ષઋતુના વર્ણનનું ગાયન ગાવતો આનંદ થાય.

ચં૦—બહુસારૂ પ્રાણેશ.

ગાયન.

પ્રિય વર્ષાની અજબ બહાર, કરે અંબુદ કુંભી ધ્વની અપાર—વ૦
વિધુત તુંગ ધ્વજા મહા ફડકે સુરેદ્ર ચાંપ અતિ નભ મોઝાર—વ૦

ચી૦—પ્રિયા! રાત્રી ઘણી ગઇ છે. હવે નીંદ્રાદેવીને શરણ જઇએ તો ઠીક.

ચ૦—ચાલો પ્રાણનાથ(સુઈ જાયછે). દુષ્ટરાય માણસો સહીત સુરંગ રસ્તે પ્રવેશ કરેછે.)

દુષ્ટરાય.—પ્રધાનજી! સર્વે નીંદ્રાશન થયેલ છે એકને તમે ઉપાડી આ સુરંગમાં નાખો; ને એકને હું નાંખું (બીજાને)તારે પછીથી આવી સુરંગનો રસ્તો બંધ કરવો (એક સીપાઇને)

તું પ્રથમ જલ્દીદી જા અને સેનાપતીને કહે કે જેમ બને તેમ આ દુષ્ટની છાવણી ઉપર તુટી પડો. (સિપાઇ જાયછે). (ચંદ્રીકાને દુષ્ટરાય અને ચીત્રસેનને પ્રધાન ઉચકીને સુરંગમાં નાંખેછે). (ગુભરાણ થાયછે. દોડો દોડો મારો કીકીઆરીઓ થાયછે.)

સેનાપતી—રાજય બારોટ ! રાજાજીને જગાડો. શત્રનું લશ્કર એક દમ ચઢી આવ્યું છે ને લડાઇ શરૂ થઇ છે.

બારોટ—અરે આ શું ! વખતે આવા આપતમાં મલાજો રાખવાની કાંઇ જરૂર નથી, તંબુની અંદર જઇ જગાડું [અંદર જઇ આવી) હા ! આશો જુલમ મહારાજા અને તેમનો પત્ની બંન્નેનું હરણ, દૈવકોપ.

સેનાપતિ—શું દગો થયો ? હા ! હવે શું કરવું.

બારોટ—જુઓછો શું. (તરવાર ખેંચો) હવેતો એજ થાઓ સામા પુંઠ બતાવવામાં લાંચ્છન છે. (જાયછે).

પ્રવેશ ૧૦મો.

સ્થળ—આગલું જંગલ. સેનાપતી ને એક સામંત પ્રવેશ કરે છે).

સેનાપતી—અહા ! મારી મેહેનત નિષ્ફળ થઇ, કેવી ઉમેદ હતી કે તે દુસ્મનને જીતશુ પણ તે આશારુપી ફળને દુષ્ટે દગાથી કરમાવી નાંખ્યા અરે ! તે ચંડાળે છેતરા. હવે મારી લાજ શી રીતે રહેશે. મહારાજ મનમાં એમ જાણતા હશે કે મારા વિશ્વાસુ સેનાપતીએ બંદોબસ્ત રાખ્યો હશે, પણ તેને બદલે બીજીજ વાત બની, હા ! મનુષ્યનું ધાર્યું કંઇ થતુંજ નથી હરિનીજ ઇચ્છા પ્રામાણે થાય છે હોય મનુષ્ય પ્રાણીને ચડતી પડતી હમેંશ આવે છે. માટે શું હીંમત હારવી. નહીં નહીં (વિચાર કરીને) હા ! આમજ કરૂં. રામસિંહ ! તમે પ્રતાપ પુરમાં જાઓ ને પ્રતાપભાનુંને આ વાતની ખબર આપો કે તમારી પુત્રી જેનું હરણ થયું હતું તેને ચીત્રસેને છોડાવી તેમને સાથે લઇ દુષ્ટરાય ઉપર ચડાઇ કરતાં દગાથી તે બંનેને પકડી તે દુષ્ટ લઇ ગયો છે. આ વખતે તમારી સહાયની જરૂર છે માટે જલ્દી આવો. હું એમના આવતાં સુધી આ જંગલમાં સંતાઇને નગર ચર્ચા જોયા કરૂંછું. (જાયછે).

પ્રવેશ ૧૧મો.

સ્થળ--રાજ્ય મહેલ.

ચંદ્રીકા — ગાયન.

અતિ દુઃખીયારી નારી અભાગણી
દુઃખ ડુંગરથી ભરી વિયોગ પ્રાણપતિથી કરી.
કર્મતણાં અધ શાંરે નડયાં મમ
નજર હરી શી ફરી જન્મથી કેમ ન ગઇ હું મરી.
પિતા દ્વાર કહેવાતી રાજકુંવરી
દાસ દાસીઓ રહેતી સદા હાજરી
દુષ્ટરાય મુખ જોઇ મરૂં છું ડરી
કષ્ટ જોતા હું માત પેટ અવતરી
ધ્યાન ધરી હું નમું મુરારિ
વિઘ્ન લેજો સૌ હરી, સ્તુતિ આ દીનવાણી ઉચરી.

દુષ્ટરાય-- ગાયન.

પ્યારી વ્યાકુળ ન થા તું લગાર,
ભાગ્ય ઉદય થયાં પ્યારી સમજ મન;
ચિંતા ન ધરતું ચિત્ત મોઝાર પ્યારી.
કાંતી તારી જોઈ હું સારી જાઊં વારી વારીરે દીલદાર.
તું દુઃખઆરી થામાં પ્યારી આજ્ઞા મારી માન આ ઠાર,
કષ્ટથી ભારી દૌ ઉગારી, તુજને નારી હું આ વાર.
અર્પું આજ સર્વ રાજ તન મન ધન પ્યારી વ્યાકુળ.

ચંદ્રીકા— ગાયન.

મુરખ તજી વ્યભીચાર સમજ મન, સાર ન લગાર થઇશ ખ્વાર.
ઓ પાપી ઇશનો બનીશ ગુનેગાર—સમજ મન.

શરણુ પડી કરૂં અરજ હું તારી, દીન પર કર ઉપકાર.—સમજ મન.

દુ૦—પ્રિયા ! આમ આડાઈ કરવામાં સો ફાયદો છે. આ ભ્રમર નીરંતર કમળના પલમાંજ રહેનાર અને તેનાજ મકરંદનું પાન કરી મદથી બીજે ઠેકાણે જવાને આળસુ થયેલ તે તુજ જેવી સ્ત્રીને આધીન થઈ સર્વદા તારા મુખ કમળનો મકરંદ લેવા તૈયાર છે તો કેમ માનતી નથી.

ચં૰—અરે દુષ્ટ હું એક ક્ષત્રીની કુમારી છું તું ગમે તે કરસે પણ મારો ટેક હું છોડનાર નથી.

દુ૦—લાવણ્યતાને હરણ કરનારી પ્રીયે જેમ ઇંદુની આસપાસ તારીકા ભમે છે તેમજ હું તારા સ્વરૂપ કમળ ઉપર ભ્રમર પેઠે ભમું છું. માટે મને તારા શીતળ પ્રેમથી શાંત કર.

ચં૰—હું કદીપણ તારી દુષ્ટ વાંચ્છના પુર્ણ કરનારજ નથી.

દુ૦—

ગાયન.

હો પ્યારી જાન મુરત પર વારી
અતિ દમક ઝમક ખુબ તારી
રંગીલી રસીલી છબીલી થા મમ નારી, પ્યારી૰
તુજ વીણ નીશદીન દુઃખ દીન ભારો.
તન મન ધન સો અતી કષ્ટ કારી
સારી હાલત આ મારી અતિ બની દુઃખીઆરી પ્યારી૰

ચં૦—હું તને કરજોડીને કહુછું કે મને કષ્ટ નદે.

દુ૦—પ્રિયા ! કષ્ટ શાનુ ? હવેતો તને સવર્ગ તુલ્ય સુખ આપવાની મારી ઇચ્છા છે. વિધાત્રીની ભુલ છે. કે તુજ જેવી મણી એક મુરખને હાથ દીધો ખરા ઝવેરી વિના તારા જેવા હીરાની પરક્ષા કોણ કરે. આવ મારીસાથેઅને પ્રાણ પતિ કહી શાંતીંપમાડ.

ચં૦—દુષ્ટ ! તારા જીવને મારા પતીની અસી શાંતિ પમાડશે.

દુષ્ટરાય—(ક્રોધથી) કેમ દુષ્ટ ? અનંગળ શબ્દો બોલી મારા ક્રોધને પ્રવર્ત કરે છે ? યાદ રાખકે તારા દેખતાંજ તારા પતિને ઠાર કરૂં પછી તાબે થાય છેકે નહી ? અરે કોઈ છે?

સેવક—હાજર મહારાજા! શી આજ્ઞા છે અન્નદાતા?

દુષ્ટરાય--જા આપણા કાળાગ્રહમાં કેદ પુરેલા મારા શત્રુ ચીત્રસેનને એકદમ ઘસડી લાવ.

સેવક—ઠીક મહારાજ (જાયછે).

દુષ્ટ૦—કેમ હવે માનવું છે.

ચં—૦દુષ્ટ સમુદ્ર કદી મર્યાદા મુકે અને મેરૂ પર્વત ચલાયમાન થાય તો પણ આ સતિ ચંદ્રીકા પોતાનું શીયલ કદી ચુકનાર નથી.

દુ૦—હે! એમ કે? જોઉછુ તું કેવી તાબે નથી થતી હમણાજ તારી હઠનું પરીણામ તારીજ નજર આગળ સત્વર જણાશે (ચીત્રસેનને બાંધી લાવે છે ને ચંદ્રીકા દોડી તેને ગળે વળગી).

ચં૦--હાય હાય પ્રાણનાથ મારૂ સું થશે. ?

દુ૦--પ્રીયા કંગાળને દેખી આટલો બધો કલ્પાંત શા માટે કરે છે. ચાલ મારા સુંદર રંગમેહેલમાં પછી જોકે કેવું સુખ પ્રાપ્ત થાયછે.

ચી૦--ઓ નીચ ચંડાળ દુર ઉભો રહે. એ સુરવીરને કેદ પડેલો જોઇ તુજ જેવો હીચકારો ફાવે તેમાં શી નવાઇ. પણ મુક મને છુટો ને પછી જો મારા હાથ.

દુ૦-બસ ત્યાંજ ઉભો રહે નહીતો હમણાંજ જમપુરીનો રસ્તોજોવો પડશે.

ચં૦ -(દુષ્ટરાયને) મુર્ખ! નદી કીનારાનાં વૃક્ષ ને પરસ્ત્રી આશકનો જલદી નાશ થાય છે. તેમ તારૂ પણ થશે.

દુ૦--પ્રિયા વિચાર કર કે મુજ સમાન નૃપતિ ભાગ્યેજ મળશે.

ચી--મેં તને એકવાર અટકાવ્યો તો પણ મારી આમન્યા માની

નહી તો જો મારા હાથ, મારવા જાય છે.

દુ૦—સીપાઇઓ ! એ દુષ્ટને આપણા વધકર્માધિકારીને સોંપો કે તેને આવતી કાલે જંગલમાં લઇ જઇ પ્રભાતમાં એનુ ધડથી માંથુ જુદું કરે.

ચં૦—હાય હાય મારા નાથ આ હું શું સાંભળુછું, (દુષ્ટરાયને) હુ તને કાલાવાલા કરીને કહુછુ કે મારા પ્રાણનાથની પેહેલા મારૂ મસ્તક છેદી નાંખ. સારૂ કર્મ કરી પુરૂષ એ ઘડી જીવે તે પણ સંતોષ છે. પન્તુ આલોક તથા પરલોકનાં વિરોધી દુષ્ટ કર્મ કરીને એક કલ્પ સુધી જીવવું વ્યર્થ છે.

દુ૦—સિપાઇઓ ! જુઓછો સું? લઇ જાઓ આ ચંડાળને.

ચી૦—પ્રિય ચદ્રીકા! હવેછેલ્લી ભેટ કરી લે.

ચં૦—અરેરે પ્રાણનાથ! ત્યારે સું આપનો આગજ અંત.

ચી૦—

ગાયન

જાઉ છોડી ત્રીયા તુજને આ સમે.

ચં૦— જીવીને સું કરૂં હાય મરવું ગમે

ચી૦— કયા પાપ અમાપ અતિ મે ઘણાં.

ચં૦— હાય વેરી વિધાતા શું અમને દમે.

ચી૦— ભેટી લે ચંદ્રીકા મુજ તનથી અરે.

મળશું ભવ પેલે અરેરે ખરે. જાઉં૦

ચંદ્રીકા—નાથ આપ વિના સુખ સઉ વ્યર્થરે ?

મારો સ્વામી ગયો સુખ નિધિ હર્યરે !

હાય તજી મને ચાલ્યા શુંરે તમે.

ચીત્રસેન—હાય શોક શી રીતે સમે. જાઉં૦

ચં૦—

ગાયન

જીવી પતિ હુ શું કરૂં, તેથી ભલુ જો હુ મરૂં

નાથ વિના સુખે ફરૂ, તેથી ભલુ૦
હાથ અરિ મરૈ વને, અમી સુણી લાગે તને
કષ્ટ આ શી રીતે હરૂ, તેથી ભલુ૦
જાઓ મને મારીને આજ, થાય સફળ સૌ મારાં કાજ. સ્વામી
હું કહુંછું ખરૂ, તેથી ભલુ૦

ચી૦— ગાયન.

જા ન તું ધીર હારી પ્યારી. ઇશ્વર સહાય કરે હવે તારી
થઇ છે હાલત મમ દુઃખીયારી, જા ન તું૦
લખ્યા લેખ ભવીષ્યે ભારી ટળે નહીં જો ચહે ગીરધારી.
રે' જે હવે તું સુખથી નારી, જોઉં છોડી પ્યારી મારી.
છેલ્લી ભેટ પ્રિયા લે સ્વીકારી, પ્રભુ મું કોટી વાર વારી.

(ચીત્રસેનને સિપાઇઓ લઇ જાય છે ચંદ્રીકા મુર્છાંગત થાયછે.)

દુષ્ટ૦—હમણાં તો આ મૃગનયની મુર્છાવત થઇ છે હુ વધારે છેડી-
શતો પોતાનો પ્રાણ ત્યાગ કરશે. માટે ધીરે ધીરે આપણું કામ સા-
સારશું.

(જાયછે.)

પ્રવેશ ૧૨ મો.

રસ્તો

(સીપાઇઓ ચીત્રસેનને મારવા લઇ જાયછે.)

ચીત્રસેન— ગાયન.

મેલી દે ને મમતા માન આખર આવશે અવસાન
જાણી લે જગત જંજાળ જ્ઞાની થઇને ભજ ગોપાળ
ભમતો શીશ ઉપરે કાળ વરવો વેશ રૂપ વીશાળ;

સાખી

સરજી આ સંસારમાં સમજ્યો નહી સત સાર
ફોગટ ફુલ્યો ફંદમાં એળે ગયો અવતાર
જાણ્યા નહી જગદીશને, નિરખી નજરે નાર
હારી બાજી હાથથી પામ્યો નહી ભવપાર
જમડા જાશે ભક્ષી જાન, આખર આવશે અવસાન-મેલી.
મોટા મોટા ભુપ પ્રચંડ જેની કિર્તી છે નવખંડ
જેના દેવના જેદેવ, કરતા સદા નિશદીન સેવ

સાખી.

સિતાપતિ અરી ચૌદ ચોકડી રાજ્ય કર્યું વિસ્તાર
આખર તેપણ આવીયો કાળ મુખ નિરધાર
રઘુરાય જે ધર્મ ધુરંધર ન મળે કાંઇ આકાર
છપ્પન કોટી યાદવ સાથે, ગયા કૃષ્ણ મુરાર
પાંડવોનું કયાં છે સ્થાન, આખર આવશે અવસાન-મેલી.
કયાં છે સૂરાની સમશીર, કયાં છે ધરણી પતી રણધીર
કયાં છે પાર્થ કરૂંતીર, કયાં છે કર્ણ દીન કર વીર.

સાખી.

જનમે એટલા જાયછે, નામજ તેનો નાશ;
ભજન કરી ભગવાનનું, કાપીદે જમ પાશ.
ગમતા માયાકેરી તનથી, તજીદે મોહ આશ.
જાપ જપીલે જગમાં જેનો, પ્રસરે અતિ ઉજાશ
ધરી લે કથન નું કાન, આખર આવસે અવશાત. મેલી.

આહ! જગતમાં અતિ કષ્ટ દશામાં પણ મનુષ્યોની વ્રતી જીવવા ઉપરથી ઉઠતીજ નથી. આ વીકટ સંસારની અંદર રાજયમ-

ત્રીએ એક વૃક્ષની ઉપર અનેક પક્ષીઓ ભેગાં થાય છે ને પ્રાત:કાળ થતાં સર્વ કોય સર્વ દીશા તરફ ઉડી જાયછે તેમજ આ જગતમાં કર્માનુંસાર અનેક સબંધીઓ ભેગા થાયછે અને પોતાની મેળે આયુષ્ય પ્રમાણે જીવી છુટાં પડે છે તેનો શો શોક કરવો.

હેઠ—અલ્યા હે ગડગંડ ઢીકરે. જનમ અને મરણુ એકલાનેજ ભોગવવું પડેછે શુભ અશુભતું ફળ એકલોજ ભોગવે છે નરક કુંડમાં પણુ એકલોજ પડે છે ને વળી હરગપણુ એકલાનેજ મળેછે માટે એમાં તેવળી પહતાવો હેનો કરે છે.

ચી—ભાઇ ! હું પસ્તાવો કરતો નથી, પણુ મારી પ્રાણપ્રીયાને ફરીથી નજરે જોવા ન પામ્યો, અરેરે ચંદ્રીકા તુજ ચંદ્રવદનના દર્શન કયારે થશે, એ ક્રુર ભાગ્ય કયાંસુધી પજવીશ.

ગાયન.

હરો કમળાપતિ આ કષ્ટ મારૂ નષ્ટ કારી;
દાવાનળ દુખથી લેજા હરી મુજતે ઉગારી.
ગુણુકાની સાહે કરી; કીરની ગતિ સુધારી
વિદુરની ભાજી ભક્ષી, ઉગારી અહલ્યા નારી
અજામેલ તારો હરિ, સુદામાને સાહે કરી;
સતીની લજ્જા રાખિ, ચીર પુર્યાંરે મોરારી
પાંડવો જાણીને નીચ, આપતિ નાંખી વિદારી;
દાસની અરજ સુણી સહાય થાજો ગીરીધારી

હેઠ—હવે તારી ડાયલી વાતો જવા દે ને વહેલો ચાલ.

ચીત્રસેન—ભલા માણસ આ અવતારતો ચંડાળનો ભોગવે છે તો પછી કયા ભવનાં ભાતા બાંધે છે ?

ઢેઢ—તારી શીખામણ શીકામની, ધણીનુ નિમક ખાઇએ છીએ તે કામતો કરવુંજ પડે, નિમકહરામ માણસને પરમેશ્વર સજા દીએછે માટે હેંડ.

ચીત્રસેન— ગાયન.

નજર કરતું મુજપર અરે કીરતાર, હુંછું લાચાર.
કરી ઉપકાર જાય પ્રાણ આ મારા વંદુ વંદુ વંદુ.
હું ચરણ મોરારી લે મુજને તું તારી
છે કોપ સવારી શીર ઉપર ભારી
ઓ સરજનરે હાર સંસારની પાર
કર અસુરારી માનુ અતિ આભાર—

હે જગતનિયંતા પ્રભુ ! હું તારે શરણે આવુંછું. આ બાળકના પાપ ક્ષમા કરી મુક્તી આપનાર તુંજ છે.

ઢેઢ—અરેરે બકબકાટ કરીને મારૂ માથું પકવી દીધું. અલ્યા હે રાજા છોડીદે તારી ખટપટ અને સાલઝટપટ કેડો કાપુંસટસટ. જાયછે.

પ્રવેશ ૧૩ જો.

સ્થળ—વધસ્થાન.

(દુષ્ટરાયના સીપાઇઓ ઉભા છે ત્યાં ચીત્રસેન તથા ઢેઢ દાખલ થાયછે)

ચીત્રસેન—ઓ દીન દયાળ કૃપાનિધી મારા પાપની મને ક્ષમા કરજે તારે શરણે છુ.

ગાયન.

દયાળુ દેવ દેજે દોષ મારા તું નીવારી
ભટકી ભવ વીષે ભગવાન ભુલ્યો ભાન ભારી

રામો સંગે રમીયો રંગથી હું રે મુરારી
પાપ અમાપ કાપી બાપ દેજે તું અપારી
શરણે આવું ગતી મારી હરી દેજે સુધારી
અંત સમે કરુણા યુકત સ્તુતિ આ ઉચ્ચારી
(દેઢ તરવાર મારેછે ડાકુ નીચે પડેછે).
અંક બીજો સસામ.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ--પ્રતાપભાનુંનો ખાનગી મેહેલ.

પ્રતાપભાનું-- ગાયન.

વ્યર્થ જન્મ આ જાયે વહી, વિયોગે પુત્રી વિના દુઃખ સહી
કર્મ મારાં શાં આવી નડયાં આ, કષ્ટ હર્યાંરે નહીં. વ્યર્થ.
સાહે મોરારી કરજે તું મારી દશરથસમ ગતિ થઇ. વ્યર્થ.

હાય ! કેવી મારી દુર્દશા અંત સમે એકનીએક પુત્રતુલ્ય પુત્રી ઇશ્વરે રહેવા ન દીધી. હાય ! કમનસીબ ! તું કયમ નિર્દય થયો. થયો. અરે આ પ્રાણ હજી આ દેહમાં કયમ ટકી છે શું હજી પુત્રરૂપી રત્ન જોવાની આશા છે ઓ ઇશ્વર હવેતો આ વિયોગથી મોત દેતો ઘણું સારૂં.

દરબારી ગાયન.

હીંમત હારો ન આજ, હીંમત હારો ન આજ
કુશળ કાજ સૌ સમાજ, થશે રૂડું રાજ
તજો શોક અવાજ, તજો શોક અવાજ

સાગર પાજ દુઃખના ઝાઝ, તરી જાશો તાજ.

પ્રધાન—રાજેશ્વર ! આપ એટલો શોક શાનો કરોછો ? ઇશ્વર સર્વે સર્વે સારા વાના કરશે. આપણા માણસો શોધ કરવા ગયા છે. તે થોડા વખતમાં સારા સમાચાર લાવશે, આપતો સમજુ અને બુદ્ધિમાન છો તેથી વધારે કહેવાને હું યોગ્ય નથી.

પ્રતાપ૦—માહારા વિવેકી પ્રધાન ! હું કેટલી વખત ધીરજ ધરૂં. ધરૂં. આજ ત્રણ ત્રણ વરસ થયાં કાંઇએ પત્તો મળ્યો નથી. હવેતો ફકત આ જીવ તેનું મુખારવિંદ જોવા તલસી રહ્યો છે.

પ્રધાન—ભવીષ્યમાં જે બીના બનવાની તે હરબાને બને છે તેમાં કાઇનો ઉપાય નથી મહારાજ.

પ્રતિહાર—માહારાજ ! બહાર કોઇ દૂત આવેલ છે તે આપને મળવા ઇચ્છેછે.

પ્રધાન—તેને સત્વર બોલાવો,

પ્રતિ૦—જેવી આજ્ઞા.

દૂત૦—(પ્રવેશ કરી) માહારાજને પ્રણામ કરૂં છું.

પ્રધાન—તમારે કયાં રહેવું ? અહીં શામાટે આવ્યાછો તે આ મહારાજા સમક્ષ કહો.

પ્રતાપ૦—ભાઇ ! મારી પુત્રી ચંદ્રીકાની કાંઇ ખબર લાવ્યો હોયતો જલ્દી કહે.

દૂત—માહારાજ ! તેજ ખબર હું લાવ્યો છું પણ દીલગીરીની વાત છે માટે અટકું છું.

ધરં. આજ ત્રણ ત્રણ વરસ થયાં કાંઇએ પત્તા મળ્યો નથી હવેતો ફકત આ જીવ તેનું મુરખારવિંદ જોવા તલસી રહ્યોછે.

પ્રતાપ૦—(અધીરો થઇ) જે હોય તે મારી વાહાલી પુત્રીના સમાચાર મને કહી દે.

દૂત—મહારાજ આપની પુત્રી ચીત્રગઢના રાજ્ય કુંવર ચીત્રસેન સાથે ઘણા પ્રેમમાં જોડાયાં છે તેથી એ બન્ને પ્રેમી જોડું અમારા અજીતગઢના મહારાજા અજીતસીહનાં મરણ પછી ફરતા ફરતા ત્યાં આવ્યાં ને તેમના વૈયોગથી તેમને રાજ્ય મળયું ત્યાંથી ચીત્રસેનમહારાજ પોતાના બાપના રાજ્યમાટે ચીત્રસેન ચંદ્રીકા સાથે ગયાં ત્યાં આગળ તેમના શત્રુના દગાથી તે પકડાઇ ગયાં લશકર માર્યું ગયું ને બહુ અસ્તવ્યસ્ત થયું; અમારા સેનાપતી ત્યાં આગળ છુપી રીતે રહ્યા છે ને મને તે ખબર કેહેવા મોકલ્યોછે. મહારાજા આપ આ બાબતનો ઘટીત બંદોબસ્ત કરો.

પ્રતાપ૦—શું મારી વાહાલી પુત્રી ચંદ્રીકા ચીત્રઘઢના રાજ્યકુંવર સાથે જોડાઇ?મારી પણ તેજ ઇચ્છા હતી પણ તે દુખમાંછે. સેના પતી આજે આ વખતે જેટલું લશકર તૈયાર હોય તેટલું લઇ તમે તે દુષ્ટ ઉપર ચઢી જાઓ હું બીજુ લશકર લઇ પાછળથી આવુંછું.

સેનાપતી— મહારાજા હું હાલનોહાલ જાઉછું. આપ પાછળથી આવો.

પ્રતા૦—પ્રધાનજી! સેનાપતિ સાહેબને જોઇતી મદદ કરો ને જલદી અહીંથી રવાના કરો. આ દુતને માટે યોગ્ય ગોઠવાણ કરો.

પ્રધાન— જેવી આગ્ના. (જાયછે)

પ્રવેશ ૨ જો.

વાઘજીનું ઘર.

વાઘજી— ગાયન.

હાય મુઓ હું ઠાર અરે બે નાર ઘરથી લાવ્યો ઘરમાં
ઝેર હળાહળ ખાઇ મરૂ કાં જઇ પડું હું સમુદરમાં.

કજીઓને કંકાશ કરે, નીશદીન અરે તે નાર ખરે,
મૂછ ખેચી કોઇ લાતજ મારે, એક આવીને ચુંટી ભરે.
એક કહે સાડી કરી આપો, એકને ચોળી જોઇએ અરે.
એકને ખાવા માલ મલીદા, એક હેમની ઇચ્છા ધરે
ઇશ દયા કરી લેતું ઉગારી, મોત વિનાકાં નાંખે મારી.
ઇચ્છો જગમાં ઇજ્જત સારી, સજન કરશોમાં બે નારી.
તેથી બળાપો થાય સદા દુઃખ ઝાળ બળે મુજ અંતરમાં.
ઝેર હળાહળ ખાઇ મરૂ કાં જઈને પડું સમુદરમાં.

હે ઇશ્વર મેં તારો શો અપરાધ કર્યો હશે જે મને બે બાયડી છતાં વાંઝીયો રાખ્યો. જુનીને પેટ છોકરો કે છોકરી ન અવતરી ત્યારે બીજી બાયડી ઘરઘી લાવ્યો તે કુભારજાને કાંઇ પણ સંતાન ન થયું એટલુ છતાં રાંડો કજીઓ તોફાન કરી મને પજવ્યા કરે છે. એ રાંડોની પંચાતીમાં કાંઇ કામ ધંધો પણ થતો નથી. આવતી કાલે જોરસીંહભા સેનાપતિ બાહેર ગામ જનાર છે, માટે મારે પણ જવું પડશે તેથી હવે આ ઘરનો બંદોબસ્ત વરત શી રીતે કરવો.

(નેપથ્યમાં) ઉભી રહે રાંડ વેશ્યા.

વાઘજી—લ્યો નામ દેતાંજ ડાકણો આવે છે.

જુની—જો રોયા આ તારી નવીને કહે કે મારી સાથે આખડે નહીં નહીતો હું તે રાંડના જટીયાંજ વીખેરી નાંખીશ.

નવી—રાંડ જટીયાં વીખતો ખરી. મારી મારીને ગાડલુંજ કરી નાંખુ.

જુની—જો આ તારી માને સમજાવતો નથી નહીતો રાંડ ચુડેલની વેંતભરની જીભ કાપી નાંખીશ.

નવી—રાંડ વાઘરણ તુંતો શું પણ આ તારો ધગડો આવેતો તેને

પણ ચપટીમાં ચાંચડની માફક ચોળી નાંખુ તોતું કાંઇ વીશાતમાં?

વાઘજી—અરે ઓ કુતરીયો મેં તમારો શું ગુનો કર્યો છે? જે મફતની મને ગાળો આપો છો?

નવી—તો આ તારી નાનીને નથી સમજાવતો જો મારો ખપ હોયતો જુનીને ગડગડીયું દે.

જુની—ઓ હો હો મારે કયાં નાતરાની ખોટછે. આ મુવો હમણાં છેડો ફાડે તો અબઘડીએ બીજાને ઘરઘી જાઉં બોલ ફાટી મુવા શો જવાબ દેછે.

વાઘજી—હવે તો હું તમારાથી હારીને બેઠો માવડીઓ મારો છુટકારો કરો તો હું ઘર મુકીને ચાલ્યો જાઉં.

નવી—ત્યારે મુવા શા વાસ્તે ઘરઘી લાવ્યો.

વાઘજી—આ ઝકમારવા હવે કેડો મુકો છો.

નવી—એમતે કેમ કેડો મુકશું હવેતો તારો જીવ લઇશું નહીતો અમારો નીકાલ કરી દે કે છુટકો મટે.

જુની—જો તારે નવીને રાખવી હોય તો મને મા બેન કહીને રજા દે કે હું મારો સુઝતો ઉપાય કરૂં.

વાઘજી—પણ તમે શા વાસ્તે કજીયો કરી લડી મરો છો. હુંતો તમો બંનેને સરખી રીતે રાખુ છું.

નવી—નહી નહી નહી બસ હુંતો નહી માનવાની હું એ રાંડને જોઉં છું તો કાળ જેવી જોઉં છું; નીકળ રાંડ વાલામુઇ.

જુની--વાલા મુઇ તુ અને તારી મા મારી શોક આઝી લવરી કરીશ તો આ તારૂ નાકજ કાપી નાખીશ.

નવી--હત્ત તારો ચુડલો ભાંગે.

જુની—હત્ત તારો મસાણુ મોરીયો ફોડુ

નવી--તારૂ પેટબળે રાંડ કરકશા.

જુની--તારો ધણી મરે રાંડ વેશ્યા
નવી--રાંડ મરે તારો ભાઇ.
જુની—રાંડ મરે તારો ભાઇ
નવી—રાંડ મરે તારો સ્વામી
જુની—રાંડ કાઢે તારી નનામી
નવી--તને મેલડી માતાખાય.
જુની—જોગણી તને ભરખી જાય.
બન્નેજણી—હાય હાય હાય હાય હાય હાય. હાય.
વાઘજી—જુઓ જાણે મારા ઉપર ફુલનો વરસાદ વરસેછે અને તુર્કી રુશીયાની લડાઇનો નમુનો ખરેખરો જોવો હોયતો નજરે જોઇ લ્યો (વચ્ચે પડીને)

ગાયન.

કહો બન્ને કર્કાશાઓરે કંકાસ કાં કરો
કરો મહેર માવડીઓ ક્રોધ પરહરો
રે ખાતાં પીતા ખેલતાં ખુશી થઇ ફરો
લડાઇ આચરો મફત કાં જઇ મરો.

નવી-જુની—જાજા ઓ ભીખારી હું કરીશ ઘાત તારી
વાઘજી—થપ્પડ લપડ મારીશ હું તો આ આ આ
મારે સગજીજાને રે નવી મુગી થાને
નવી-જુની—મારો મારા રોયાને
વાઘજી—બાપલીયા ઘોડજો.
પાડોસી—હાં હાં હાં કહો કેમ કાકા વાઘજીને મારો કાકી માર
નવી-જુની—કરી દે હમારો ફાટી મુઆ છુટકાર
વાઘજી—હવે હારી બેડો રાંડો તમથી હજાર વાર
પાડોસી—કાકી માની જાઓરે વીચારનો લગાર

નવી-જુની—મળયા ભોગ તારાં, આ વારે આ વારે આ વારે
પાડોસી--બસ બસ કાકી હાં હાંરે હાં હાં હાં હાં હાં હાં

ગાયન.

નવી--ફાટી મુવો રોજ મને સતાવેરે,
જુંની--પીટડીયાને લાજ જરા નહી આવેરે.
પા-પીટ્ઠીઆને લાત મારો, દાંત પાડો, કેસ તોડો, ભોંય પછાડો ગડદા મુકી મારી કાઢો, સાંબેલાના ઝટકા ઝાડો ઝપ્પો ઝપ ઝપ્પો ઝપ ફાટી.

વાઘજી--ભાઇઓ કદી બે બાયડી કરશોમાં નહીતો મારી પેઠે ખતા ખાશો.
૧ પડોસી-વાહરે કાકા વાહ આ ઘડપણુમાં બે બાયડી ન પરણ્યા હોતતો ન ચાલત.
વાઘજી—ભાઇ છોકરૂ નોતુ થતું માટે પરણ્યો.
૨ પડોસી—એગ બીજી બાયડી પરણ્યાથી છોકરા થાય કે? એતો કીસમતમાં હોય તોજ છોકરાં પેદા થાય.
૩ પડોશી—નાન. કાકા એતો કહેવત છે કે બાર ગાઉએ બોલી બદલે તરૂવર બદલે લાખા બાળાપણના કેસ બદલે પણ લક્ષણુ ન બદલે લાખા.

ગાયન.

પડોશી—જુઓ જુઓરે ભાઇઓ સોંગ આજે,
નવી-જુની—મુઆ મરે ફાટી પડે, પુજા જડે, કીડા પડે જા જારે
વાઘજી—વાહ વારે કુડા કરે છે કેવા ઢોંગ આજે.
નવી-જુની—હું કુવામાં પડીશ, ઝેરખાઇને મરીશ,
તને તરીઓ આવે તાત્ર, મેર મુરખાના રાવ.
પડોશી--ભજો તજીને ખટપટ સોંગ આજે. (મારતા લઈ જાયછે).

પ્રવેશ ૩ જો.

આગલુ જંગલ.

(યોગીની જમાત)

યોગીઓ— ગાયન.

મનસે હર યાદ કરતે રહો. મનસે.
ધરમ સજ કુકરમ તજદે તપ કરો શીર ધારો
થમ હરો મત મરો ભવ તરો
હોત કયું હયરાન તનસે. હર યાદ૦
હર રટન કર, હર રઠન કર,
માન લે મનસે, તનસે,ધનસે જાન લે
ખાનગે નરકકીમેં જાત કયું આવારની,
ગારની કાલેકો સરધારની
માન કાયા છાંરની, પાપસે મન તારની,
સમજકર પરધ્યાન હરકારી.
મોડો મુખ કુ જનસે. હર યાદ કરતે રહો.

ગુરૂ—દેખ બચ્ચા યે જંગલમે કૌન સો રહાહે?

ચેલો--ગુરૂજી કીસી દુષ્ટને યે નિરપરાધી પ્રાનીકો જીસે માર દીયાહે.

ગુરૂ—હર હર હર કયસા કુકર્મ કીયાહે.

ગુરૂ—યહાંસે ચલો, અયસેતો બોત સંસારમે દુઃખી પ્રાની મીલેંગે.

ચેલો—નહીં નહીં મહારાજ યોગીકો દયાભાવ રખનાચાહીયે અબ ઇસકો સજીવન કીયે બીના હમ યહાંસે નહીં ચલેંગે.

ગુરૂ—જા થોડાસા જળ લે આવ. (ચેલો પાણી લાવે છે જુદું પડેલું માથુ જોડી પાણી છાંટે છે ને ચીત્રસેન સજીવન થાયછે)

બચ્ચા તું કૌનહે? ઔર એહ જંગલમાં તેરા સીરપર કયા વારેદાત ગુજરી ?

ચીત્રસેન—મહારાજા! મારા કર્મની કાંણી મોટી છે. પરંતુ ટુંકામાં એટલુંજ કહુંછું કે એ દુષ્ટે મને હાર માર્યો હતો પરંતુ આપ દયાળુ પુરૂષના દર્શનથી ફરી જન્મ પામ્યો છું.

ગુરૂ—બચ્ચા તું ક્ષત્રીહય?

ચીં૦—હા મહારાજ! હું રાજવંશી છું. મને આ વિકટ વનમાંથી જવાનો રસ્તો બતાવશો તો મોટી કૃપા થશે.

ગુરૂ—દેખ બચ્ચા પશ્ચિમ દીશાસે પુર્વકોનમે ડાબી બાજુકા રસ્તા હય સો નિકટ હય વાંહસે જા. બચ્ચા તેરી મનકામના પુરણ હોગી

ગાયન.

અચળ રહો વસુધા પતી, રાજન આશીશ એહી હમારીરે,
સરલ રહાસે જાઓ યહાંસે સુખ પાઓ ગુલજારીરે;
વીકટ સમે હીમત નવહારો સાહે કરે ત્રિપુરારીરે.

ચી૦—યોગીરાજ મુજ અતીથી ઉપર બહુ કૃપા કરી નમો નારાયણ!

યોગી--નારાયણ ! (યોગી જાય છે.)

ચી૦—(ચમકીને) અરે આ લશકર કોનું આવે છે શું લુંટારા હશે? તે મને શું કરનાર છે મારી પાસે શું છે કે લુટી જશે પરંતુ જોતે દુષ્ટરાયનું લશકર હશે તો વળી મારી બુરી દશા થશે. માટે અહીંથી હું જતો રહું. (જાય છે.)

પ્રવેશ ૪ થો

સ્થળ—જંગલ.

સેનાપતિ—સીપાઇઓ! તમે શાવચેતીથી અહીં રહેજો. ...ં આ- ગળ થઇને આ શહેરમાં જવા આવવાનો રસ્તો છે કોઈ વટે-

માર્ગુ આ રસ્તેથી જાય કે તુરત કેદ કરી તેને આપણાં મા-
હારાજા પ્રતાપભાનુ પાસે લાવવો.

વાઘજી—બહુ સારૂ સરદાર! અમે હુંશીઆરી રાખીશું.

મીયાં—ઇસમે કયા બડી બાત હે સાહેબ. આપ અંદેશા ન
કીજીયે. હમ કયસે બહાદુર હયે.

સેનાપતિ—ત્યારે તમે હોંશીયારીથી રહેજો આ પાસેની ઝાડીમાં
આપણી છાવણી છે. ત્યાં હું છું જરૂર પડેતો તરત મને ખ-
બર આપવી. (જાયછે.)

મીયા—અચ્છા સાબ. (વાઘજીને) ઠાકોર ! તુમ ઇસ દરબારમે કબસે
નોકર હુએ ?

વાઘજી—મીયાં સાહેબ અમારાંતો બાપદાદા પ્રતાપભાનુની નોકરી
કરતાં આવ્યા છે ને અમે કરીએ છીએ. પણ તમે કેટલાંક
વરસ થયાં અહીં રહો છો.

મીયાં—હમતો નહીં તીનમેં નહીં તેરમેં ઔર નહીં છપનકે મેરમેં તબસે
નોકરી કરતે હય. મગર ઠાકોર તુમારા નામ કયા હય ?

વાઘજી—મનેતો વાઘજી કહીને લોકો બોલાવે છે.

મીયાં—(સ્વગત) દેખો ઉલ્લુકે પઠેને મુજે નામ બતાયા કે મેરા નામ
વાઘજી

વાઘજી—કેમ મીયાં !સાહેબ શા વીચારમાં પડયા ? તમારૂં નામ તો કહો?

મીયાં—(સ્વગત) અબમયભી મેરા નામ ઈસસે બઢાકે બાતાઉં
(પ્રકાસ) વાઘજી ઠાકોર ! મેરા નામતો બોત બડાહે વો સુનતેહી
તુમ ડર જાઓગે બેમોત મરજાઓગે.

વાઘજી—હરકત નહીં તમે તમારે કહોને.

મીયાં—તબ એક ધ્યાનસે સુનો મેરાનામ, દોબાગ, દોબાગનીગાં, એક

બીછુ ભરા ટેકરા, ઔર ઉપરશે દો ફૂ ફૂ.

વાઘજી—(સ્વગત]જુઓ મીયાંએ ગપ છાંટી (પ્રકાશ]મીયા કાંઇ ખાડો ખાબોચીઓ નડશે સીધી સડકજ મળી !

મીયાં—તો કયા હમ જુઠ કેહેતેહય ? અરે વાઘજી ઠાકોર જુઠ કહેના હરામ હય.

વાઘજી—હશે ચાલો (ચાલેછે એટલામાં નેપથ્યે વાઘ બોલેછે) મીયાં સાહેબ કંઇ અવાજ સંભળાય છે ખરોકે ?

મીયાં—કુચ્છ સુનને મેંતો આતાહય મગર પીછાંનમે નહીં આતાહયને

વાઘજી—મીયાં ! એતો વાઘ બોલેછે માટે તમે જાઇને મારો કારણકે મારૂ નામતો ફકત વાઘજીજ છે અને તમારૂ નામતો દો-દો બાગ દો બાગનીયાં એક બીછુભરા ટેકરા ઔર ઉપરસે દો-ફુ ફુ માટે મારા કરતાં તમારૂ નામ મોટુ છે.

મીયા—(બીહતો બીતો) વાઘજી ઠાકોર ! ઔર કુચ્છ ખબર હય મેરા સચ્ચા નામતો દુસરા હય.

વાઘજી—ત્યારે સાચુ નામ કહો જોઇએ ?

મીયા—મેરા સચ્ચા નામતો મીયાં ફોસલીયા હય.

વાઘજી—ત્યારે મફતની બડાઇ હાંકતાં ? લ્યો હું એ વાઘને મારૂછું (એમ કહી પીસ્તોલ નેપથ્યે ફોડેછે)

મીયા—વાઘજી ઠાકોર ! દેખો કોઇ આદમી આતા હય. ચલો છુપકે દેખે.

વાઘજી—એમાં સંતાવુંતું શું ? એને પણ બે હાથ છે ને આપણને પણ બે હાથ છે (એક બાજુ ઉભા રહેછે.)

ચિત્રસેન— (ગાતો ગાતો પ્રવેશ કરે છે).

ગાયન.

આ કપરૂ કષ્ટ છે કારી, વિયોગે પ્રાણથી પ્યારી.
જુદાઇ જન્મ છે જારી. વિયોગે૦

ન લાગે જીંદગી સારી બની હાલત દુખીઆરી
ભમુંછુ ભવમાં ભારી, વિયોગે૦
વિખુટી હાય થઇ નારી, આ વરસે નેણુથી વારી
ચડી મુજપર લાચારી. વિયોગે૦
હતા જે છત્ર શીર ધારી, તે જાતા મુજથી હારી
જુઓ હાલત આ મારી. વિયોગે૦

(નિશ્વાસ નાંખી) અહો! પ્રીયા! તું કયારે ભેટીશ? ખરે તમારા મનમાં એમજ હશે કે મારા વાહલા ચીત્રસેને આ સંસાર છોડી સ્વર્ગે ગમન કર્યું હશે પણ તેને બદલે કેવા ફેરફાર.

(પાછળથી બન્ને સીપાઇ આવી પકડેછે ચીત્રસેન ચકીત થઇ) અરે તમે કોણછો? શું હજુ પણ એ દુષ્ટ મારો કેડો મુકતો નથી.

પણ યાદ રાખો કે આ વખતે હું છુટોછુ' જુઓ મારા ભુજનું બળ (એમ કહી તેમના ઉપર મારવા દોડેછે. મીયા એકદમ નાશી જાયછે.)

વાઘજી—(હીંગતથી ઉભા રહી) અરે ભાઈ! આટલા બધા તપી કેમ જાંઓછો? લડવું હોય તો લ્યો આ હથીઆર ને થાવ સામા અમે કંઇ તમારા દુશમન નથી. પરંતુ અમારા સેનાપતી સાહેબનો હુકમ છે કે અહીં થઇને જે જાય તેને મારી પાસે લાવવો. માટે ચાલો તેમની પાસે આવી તમારે જ્યાં જવું હોય ત્યાં જજો. તમારા ઉપર હમારે કશો જુલમ કરવો નથી.

મીયાં—(સેનાપતી સાથે પ્રવેષ કરી) દેખો દેખો સાહેબ યેહ બડા તોફાની હય વાઘજી ઠાકોરકી સાથ બડા લડતાથા સાહેબ! એ આપકે સ્વાધીન કીયા.

સેનાપતી—જુઓ પેલુ કોણ જાય છે, પકડી લાવો તેને.

મીયાં—(જોઇને સ્વગતં) દીખતા તો હય કોઇ બનીયા મગર ખુદા

જાને કોઇ દુસરા ન હોય.

સેનાપતી—જાઓ મીયાં પકડી લાવો તેને.

મીયા—સાહેબ ! અભી લાતાહું (પકડવા જાયછે)

સેનાપતી—(ચીલસેનને) તમે કોણછો ? કયાંના રહેવાસીછો ?

મીયાં—(વાણીયાને પકડી ધકા મારતો મારતો લાવેછે)

વાણીયો—મડા ગયોરે બાપલીયા આ રાજમાં તે શું થવા બેઠું છેરે મારા બાપ. અરે ભાઇ ! મને શું કરવા મારોછો ? મારો ધનો નથી.

સેનાપતી—(વાણીયાને) અરે તું કોણ છે? કયાં રહેછે.

વાણીયા—એ એ એ હું હું હુંતો આ શેરમાં રહુંછું ભાઇ સાહેબ! વાણીઓ છું. આ કોથળો કરવા ગયો હતો.

મીયાં—અબે શીધા બોલ. સાબ પુછતા હય એસા જવાબદે.

વાણીયો—સાબ સાબ સાબ બોબાલું છું માડશો નહી (ધ્રુજેછે.)

સેનાપતી—મીયાં ખસો. શા માટે મારોછો? ભાઇ ! તમે આ નગરમાં રહોછો?

વાણિયો—હા મહારાજ ! ને તમે આ નગરના નથી ?

સેના૦—ના.

વા૦—ઓય અરે હાશ હવે જીવમાં જીવ આવ્યો. ભાઇ સાહેબ! અમારા રાજમાં લુટારા એટલા બધા વધ્યા છે કે હેડતાં માણુસ મારે છે.

સેના૦—તમારો રાજા કોણ છે?

વાણી૦—માહારાજ ! મુઓ અમારો રાજા ધર્માત્મા માહારાજા ચંદ્રસેન સ્વર્ગવાસી થયા ને તેમના પછી તેના જુવાન કુંવર ગાદીએ બેઠા પણ અમારા દુષ્ટ સેનાપતિએ તેમને કાઢી મુકયા તે વળી હમણાં પકડી આણી મ.રી નાંખ્યા. **ચી૦**—(ચકીત થઇ ધશ્વર સામા હાથ કરે છે).

સેના૦—તમારા રાજાનું નામશું ?

વાણી—દુષ્ટરાય.

સેના૦—તેના સંબંધે તમે કાંઇ જાણો છો ?

વાણી૦—મહારાજ ! કંઇ કહેવાની વાત નથી તે પાપીનુ નામ જવાદો. અમારા રાજા ચીત્રસેનને મારી નાંખ્યા પછી તેમની સ્ત્રી ઉપર એટલો બધો જુલમ ગુજારે છે કે કંઇ બાકી નહીં.

ચી૦—(ચકીત થાય છે ને ક્રોધમાં આવે છે)

સેના૦—તમારો રાજા ચીત્રસેન કયાં પરણ્યો હતો ?

વાણી૦—માહારાજ ! તેતો હું જાણતો નથી. પણ પ્રથમ કાઢી મુકયા ત્યાર પછી ફરી રાજય લેવા આવ્યા ત્યારે પરણીને આવ્યા હતા.

સેના૦—હા મને મળેલી ખબર ખરી છે શું બેહેન ચંદ્રીકા ઉપર તે જૂલમ ગુજારે છે !

ચી૦— ગીતી

ધીક જીવતર છે મારૂં ક્ષત્રીવટમાં કલંક બહુ ભારી
દૈવગતી છે ન્યારી દશા સુણી શી ચંદ્રીકા તારી.

સેના૦—તમે કોણછો ? અને ચંદ્રીકા કોણ ? ને તેનો શા માટે કલ્પાંત કરોછો ?

ચી૦— ગાયન

વીશ્વ રચ્યું તે વીધાત્રી ભાંગાપી અરે,
સુધર્મી નર આથડે કુકર્મી શ્રી કરે.
રાજન તે રઝળતા ફરે અર્થી બરોબરે,
પંડીત પામે કષ્ટ મુર્ખ છત્ર શીર ફરે.
ચંદ્રીકા વીખુટી પ્રભુ તેં કરી ખરે,
મંદભાગી ચીત્ર હવે તું ન કાં મરે.

સેના૦—તમે ચંદ્રીકાને ઓળખો છો ! તેના સંબંધી કંઇ વધારે જાણો છો ?

ચી૦—હા પ્રીયતમી ! તારા ઉપર આ જુલમ !

સેના૦-તમે કંઇ જવાબ કેમ આપતા નથી ? ને શોકજ કર્યાં કરો છો?

ચી૦—ભાઇ ! તમે કોણ તે પ્રથમ કહો ?

સેના૦—માહારાજા ! પ્રતાપભાનું જે ચંદ્રીકાના પીતા છે તેમનો હું નોકર છું.

વાઘજી—ભાઇ એ પ્રતાપભાનુના સેનાપતી છે.

ચી૦-શું તમે ચંદ્રીકાની ખોળ કરવા અથવા તેની વહારે આવ્યા છો ?

સેના૦—હા અમે તેને અને ચીત્રસેનને છોડવા આવ્યા છીએ.

ચી૦—હીણભાગી અને દુઃખી ચીત્રસેન દૈવના વાંકથી આ તમારી પાસે ઉભો.

સે૦—તમે કોણ ચીત્રસેન ! આ માણસ મારી નાંખવાનું કહેછે તે શું ? તમે જીવતા છો ?

ચી—હા હું તેજ.

વણીક—(ઓળખીને) મહારાજા હું આપના પગમાં પડું છું. આ દાસ તમારી શેવામાં તૈયારછે. માહારાજા! તમારે જેટલા રૂપીઆ જોઇશે તેટલા હું આપીશ. આપનો પ્રતાપ છે લશ્કર એકઠું કરી એ પાપીનો હવે નાશ કરો.

ચી૦—ધન્ય છે મારી વહાલી પ્રજા ધન્ય છે. પ્રભુ આ પ્રજાના પ્રેમનો બદલો વાળવાનો વખત તું મને કયારે આપીશ.

સેના૦—મહારાજા! તમારા ઉપર આ જુલમ જોઇ મારા દેહમાં હવે ક્રોધ માતો નથી. (વાઘજીને) વાઘજી ઠાકોર! જલ્દી જાઓ ને માહારાજાને આ ખબર કહો ને તેમને જલ્દી અહીંજ લાવો. (ચીત્રસેનને)મહારાજા! કશી ફીકર કરશો નહીં એ દુષ્ટને આજને

આજ હું યમપુરીએ પોહોચાડું છું.

પ્રતાપભાનુ—(પ્રવેશ કરી સેનાપતિને) શું વહાલી પુત્રી ચંદ્રીકાના કંઇ સમાચાર મળ્યા?

સેના૦—હા, મહારાજા! આ ચંદ્રસેનના પુત્ર ચીત્રસેન જેની સાથે ચંદ્રીકા બેન વરવા ઇચ્છેલાં છે તે.

પ્રતાપ—અહો! શું તમારી આ દશા? તમારો ને ચંદ્રીકાનો મેળાપ કયાં થયો તે ખરી વાત કહેશો?

ચી૦—સાંભળો મારા નિમકહરામ સેનાપતીયે મને રાજ્યથી ભ્રષ્ટ કર્યો ત્યાંથી હું નાઠો તે ભટકતો જયાં તમારી પુત્રીનું રાક્ષસ હરણ કરી ગયો હતો ત્યાં તેને દુઃખી દેખી રાક્ષસને મેં માર્યો. ત્યાંથી તેને લઇ તમારા શેહેર તરફ આવતાં રસ્તામાં અજીતગઢના રાજા અજીતસિંહની ગાદી મને મળી ત્યાંથી લશ્કર લઇ આ દુષ્ટ ઉપર ચડાઇ કરી પણ મને તેણે દગાથી કેદ કર્યો. આખરે જંગલમાં મારો શિરચ્છેદ કરાવ્યો. પણ દૈવયોગે કોઇ મહાત્માએ મને જીવતો કર્યો ત્યાંથી આ જંગલમાં થઇને જતાં આ તમારા માણસોને મળ્યો આ મારી હકીકત છે.

પ્રતાપ૦--શું તમારા ઉપર આવો જુલમ? મારા બહાદુર સેનાપતિ! હવે વિલંબ શો એ દુષ્ટને તો—

ગાયન.

ઠાર ઠાર ઠાર ઠાર જઇને કરૂં હું ઠાર
પાપીનો કરૂ સંહાર મારૂં હું અતીશે માર
જતો ન મુકું લગાર બીતી નહીં ચીત્ત મોઝાર. ઠાર૦

પ્રતાપ૦—સેનાપતિ તમે એકદમ જાઓ ને શેહેરને ઘેરો ઘાલી તેનો પરાજય કરો.

ચી૦—મહારાજ! તેમ ફાવશો નહીં દગાખોર માણસ સાથે મોસ

મોઢે લડવું નહીં ફાવે માટે આમજ ઇલાજ કરો.

પ્રતાપ૦—તમારો શો વિચારછે? તે પ્રમાણે કરવું.

ચી૦—આપણે એકદમ તેના મહેલમાં ધસી જઇ તે દુષ્ટનો ઘાત કરવો પછી રૈયતતો તાબે થતાં વાર નથી.

વાણીયો—મહારાજ! આપનું કહેવું ખરૂંછે એ દુષ્ટનેતો એજ શીક્ષા થવી જોયે આજરાત્રે તમે માણસો સાથે આવો હું પશ્ચિમના દરવાજા વાળા દરવાનને મો માગ્યા પૈસા આપી ફોડીશ. તે રસ્તે તમે શેહેરમાં દાખલ થાઓ ને તે દુષ્ટનો ઘાત કરો.

સેના૦—હા, મહારાજ! તેમજ કરવું ઘટીત છે.

વાણીઓ—આપજી! હું તમારી સાથે રહીશને શેહેરમાં પેસવાનો માર્ગ બતાવીશ.

ચી૦—ધન્ય છે મારી વહાલી પ્રજા ધન્ય છે.

(જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—દુષ્ટરાયનો મહેલ.

ચંદ્રીકા—(મેહેલમાં જમીન ઉપર પથારીમાં બેઠેલી)

ગાયન.

સુખ કયારે આવશે દુ:ખ કેદી આ જશે.
મમ તનમાં ક્ષણુ ક્ષણુમાં, ખટકાયે શું થાયે. શું થશે—ટેક.
હુ કેવી પાપણી હાય ફસી અરી હાથે
મમ સ્વામી નવ પામી ગુણ ગામી બંધ કેદી કાપશે—સુખ
કુકર્મી પજવે [illegible] દીએ અતી માથે
દીનનારી દુ:ખીઆરી આ વારી કયારે બચાવશે—સુખ.

(નીઃશ્વાસ નાંખી) અરે ભુંડા દૈવ ? મેં તારો શો અપરાધ કર્યો છે. પ્રભુ તેં મારા ઊપર દુઃખ દેવા ધાર્યું હોય તો આ અભાગણીનો છુટકો કર. રે દૈવ ! તેં મારા ઉપર કશીએ કમી ક્યાં રાખી છે? માત પીતા, મારી સખીઓ, ને બધા કુટુંબથી મને વિખુટી કરી તે દુઃખમાં મને વીજળીના પ્રકાશ માફક મારા પ્રાણનાથ તરફથી સુખ આપ્યું ને પાછુ તેં છીનવી લીધું હાય ! રે મને આટલું દુઃખ દીધું તોપણ તું ધરાયો નહીં. હવે મારા શીયળ ઉપર જુલમ કરાવે છે હાય હાય મારા માબાપ કોણ? અને મારા ઉપર આ શા જુલમ ? પ્રભુ હવે દયા લાવ. હે સ્વામી નાથ! તમે ક્યાં હો. (એમ બોલતાં પૃથ્વી ઉપર પડી જાય છે).

દાસી—(પ્રવેશ કરી) હાય હાય આ બીચારી પતિ વીયોગથી મરણતોલ થઇ પડી છે. (તેના તરફ જોઇ) અને રામ રામ આ કેટલું કષ્ટ વેઠે છે. રે પ્રભુ ! હું શું કરું. કહ્યું છે કે ચાકર, દીકરીને ગાય તેને ધણી દોરે ત્યાં જાય. તે મુજબ એ દુષ્ટે મને આને સમજાવવા હુકમ કરેલો છે એને જગાડુ. (પાસે જઇ થડમાં બેશી) શીવ શીવ ! આતો મુર્છામાં છે. (હાથે પગે હાથ અડાડી) આના હાથ પગ શીતળ થઇ ગયા છે એને આ ગુલાબજળે સાવધ કરૂં.

ચંદ્રીકા—(જાગૃત થઈ) અરે બેહેન ! તમે કોણ છો અહીં શા માટે આવ્યાં છો.

દાસી—બેહેન મને દુષ્ટરાયે તને સમજાવવા મોકલી છે.

ચંદ્રીકા—બેહેન! તમને હું પગે પડીને કહુંછું કે મારો પ્રાણ જશે તથાપી હું મારૂં શીયળ ભંગ નહી કરૂં. એ અધમ મને શું કરનાર છે?

દાસી—બેહેન આખરે એ તારો ઘાત કરશે.

ચંદ્રીકા—હાય હાય! એ ઘડી ક્યારે આવે કે એ મારો ઘાત કરે. ને હું આ દુઃખમાંથી છુટું.

દાસી—(સ્વગત) ધન્ય છે બાઇ તને ધન્ય છે પ્રભુ તને સહાય કરશે. (પ્રકાશ) બેહેન! આમ દુઃખમાં તમે ક્યાં સુધી રેહેશો. એ દુષ્ટ તમારામાં પ્રાણ હશે ત્યાં સુધી છોડનાર નથી.

ચંદ્રીકા—ભલે તે મારો જીવ લે. પરંતુ હું મારૂં શીયળ ભંગ કરનાર નથીજ.

દાસી—બાઇ ધન્ય છે તમારા પતિવ્રત પણાના ધર્મને તમારા જેવી સતીઓના પ્રતાપથી આ પૃથ્વી ઉપર વરસાદ વરસે છે. તમે ધીરજ રાખો પાપીને પાપનું ફળ મળશે.

દુષ્ટરાય—(એકદમ પ્રવેશ કરી) ફળ મળશે ? કોને ફળ મળશે.

દાસી—(ધ્રુજતી પણ હીમતથી) મહારાજ! મને ફળ મળશે.

દુષ્ટરાય—શાનું ફળ મળશે.

દાસી—હું આને કહુંછું કે તું સમજ ને તું સમજીશ તો મહારાજ તરફથી મને સારૂ ફળ મળશે.

દુષ્ટરાય—શું હજુ તે સમજતી નથી? તુ જા અહીંથી. (દાસો જાય). (ચંદ્રીકા પાસે જઇ) પ્રિયા! એકવાર તો બોલ. એકવાર તો પ્રાણનાથ કહી મને બોલાવ. આમ ક્યાં સુધી તું દુઃખ ખમીશ ? (એમ કહી તેનો હાથ ઝાલે છે).

ચંદ્રીકા— ગાયન

દુર થાતું અહીંથી નાદાન, છો હેવાન ભુલી ભાન
ખો ન જાન ઓ અજ્ઞાન. દુર થાતુ૦

દુષ્ટરાય—મારી વાત માની જાતું નારી નારી નારી,
તને કરી રાખુ તનથી હું પ્યારી પ્યારી પ્યારી.

ચંદ્રીકા—અતિ થાન તું હેરાન જશે જાન એ ગુમાન.

દુષ્ટરાય—જાન પ્યારી માન પ્યારી ન કર તુ હૈરાન પ્યારી,
કરીશ ગુલતાન પ્યારી ભારી ભારી ભારી;

ચં.—તજી તાન આ તોફાન જવું પડશે શમશાન. દૂર થાતું૦

દુષ્ટ—નહીં માને ? પ્યારી હું તને છેલ્લા વખતે કહુંછું કે તું મારૂં કહ્યું માન નહીતર તારા ઉપર હું બળાત્કાર કરીશ,

ચંદ્રી૦—ઓ ચંડાળ, દુષ્ટ, અધમ, ધીક્કાર છે તારા જીવતરને, ધીકાર છે તારા સુરાતને. તું જો રજપુતના લોહીનો હોત તો પરસ્ત્રી ઉપર નજર ન કરત. તારા જેવા જારીને તાબે હું કોઇ દીવસ થનાર નથીજ.

દુષ્ટ—નથીજ માનતી? લે તારૂં શું જોર છે? હવે માનશે કે નહીં (એમ કરી પલંગ ભણી ઘસડી જાય છે. ચંદ્રીકા તેની છાતીમાં લાત મારેછે તેથી દુષ્ટરાય પડી જાય છે ને દાસી પ્રવેશ કરે છે.)

દાસી—માહારાજ! ક્ષમા કરો ક્ષમા કરો. આમ બળાત્કાર કર્યાથી પરસ્ત્રી વશ થતી હશે ? જાઓ આજે નહીં ને કાલે તાબે થશે.

દુષ્ટ—(ગુસ્સામાંને ગુસ્સામાં) શું તે તાબે ન થાય. જોઉંછું. (ચાલ્યો જાય છે.)

દાસી—(સ્વગત) ધન્ય છે. પતીવ્રત પણાને સાચવનારી આવી સ્ત્રીઓ જવલેજ હશે, (પ્રકાશ) બાહ્ય વાઘને છંછેડયો છે માટે ચેતજો. મારૂં એટલુંજ કહેવું છે. (એટલું કહી જાયછે)

દુષ્ટ—(નાગી તલવાર લઈ પ્રવેશ કરી) કેમ હજી માને છે કે આ તલવારથી તારૂં શીર જુદું કરૂં.

ચંદ્રીકા— ગાયન.

અરે નીચ લે આ મારી જાન, તું ઓ પાપી— અરે.
અરે જગતમાં જીવી કરૂં શું,

તજી હું જાણી આ તોફાન; તું દે કાપી — અરે.
નેકી કરીલે બંદી તજી દે,
અરે હું કહુ તુજને જ્ઞાન; નીતી આપી, — અરે.
કંઇક મુવા છે જાર કરમમાં,
માટે શુદ્ધ મનથી હરી નામ તું લે જાપી. — અરે.

ઓ નીચ તું મારૂ ચાહે તે કર. પરંતુ હું મારૂ શીયળ છોડનાર નથીજ.

દુષ્ટ—(સક્રોધ) ચંદ્રીકાનું કાંડુ પકડી નીચે પાડી નાંખે છે) હવે તારૂ શું જોર છે.

ચંદ્રી— ગીતી

કોણુ બચાવે મુજને, કેર કરે આ દુષ્ટ અતિકારી;
પ્રાણુપતી ઉગારો, તમવિણ મારી દશા થઇ ભારી

પ્રાણુનાથ ! મને સહાય કરો હે ઇશ્વરા. (મુર્છા ખાય છે.)

ચીત્રસેન—(લશ્કર સહીત આવી દુષ્ટરાયને કેદ કરીલેછે) સણુર કર દુષ્ટ તારા પાપનું ફળ હમણાંજ તને આપુંછું. બોલ દુષ્ટ હવે તારૂ કોણ છે ?

દુષ્ટરાય—હું તમારે શર્ણેછું મારો પ્રાણ બચાવો.

સેનાપતી—અરે નિર્બળ ધીકકાર છે તારા સુરત્વને દુષ્ટ જલદી કહેકે માહારાજા પ્રતાપભાનુની પુત્રી ચંદ્રોકા કયાં છે ? અને આ સ્ત્રી કોણુ છે.

ચીત્રસેન—(ક્રોધાવેશમાં છતે તેના સામું જોઇ પ્રતાપભાનુંને) એજ તમારી પુત્રી (એમ કહી ચંદ્રીકા પાસે જઇ) પ્રીયા આ શું (બેઠી કરેછે) લગાર આંખ ઉઘાડીને તો જો.

ચંદ્રીકા—હું મારો જીવ આપવા તેયારછું પણ મારૂં શીયળ ભંગ કદી કરીશ નહી.

ચીત્રસેન—આ હું તને રાક્ષશ પાસેથી છોડાવનાર, લડાઇ વખતે સાથે લાવનાર ને તારાથી વિખુટા પડતાં ધીરજ રાખવાનું કહેનાર હું પોતેજ છું તું ભય તજી આંખ ઉઘાડીજો.

ચંદ્રીકા—કોણ પ્રાણપતિ ? (કંઠે બાઝી પડી) હા ! પતિ ! તમારા વિનામારી સહાય કોણ કરે. (ઉભી થઇ) તે દુષ્ટનુ શું કર્યું.

ચીત્રસેન— ગાયન.

ધન્ય દિન મમ સુખદ ઓ સુંદરી,
નિરખી તુજ ચંદ્રવદન જોઇ નવલ સદન;
અરી મદન પ્રસન્ન થયા કષ્ટહરી—ધન્ય.
પ્રાણપ્રિયા દુઃખ દુર થયા સહુ.
સ્નેહથી કરી રહે સુખથી ભરી—ધન્ય.

ચંદ્રીકા— ગાયન.

પ્રાણનાથ ભેટી તમોને હું આજ
તમોને હું આજ રાજ તમોને આજ
સુધર્યા સહુ મારાં કાજ દુઃખદ
ભવસીંધુ હું પામીશુ પાજ—પ્રાણ૦
આનંદે ઉરમાં લાગે અપાર,
બુઝી અંતરની દાઝ રાજ જોઇ સમાજ—પ્રાણ૦

ચીત્રસેન— ગાયન.

ઓ પ્યારી તારા મુખ પર, કરૂં તન મન ધન કુરબાન;
ચંદ્ર વદન પ્યારી તુજ, કમળ નેન નારી તુજ;
નીશદીન પલછીન દીનદીન, હર્ષિત થાઉં ધરી પ્રભુ ધ્યાન.—ઓ૦
ધીરજ ધરને જો આ તારાં પિતા તારા મદદે આવ્યા છે.

ચંદ્રીકા—કોણ પુજય પિતાજી! તમારા શીવાય મને દુઃખમાંથી કોણ છો.વે. (ગળે બાઝી પડે છે.)

ચંદ્રીકા— ગાયન.

હુ નિર્ખી ખુશી થઇછું આજ.
પ્યારા પીતા જોઇ તમ પ્રીતી રીતી આપે,
બારી જાણી સારી, જાઊં વારી તમ પર હુ મારાજ—હું.
છુટી પાપી હાથે, ઇશ્ન કૃપાથી નાથ દયા સુખ સાથી. દયાથી.
બચાવી આજ નીરબળ પુત્રી તમારી,
જોઈ ચતુરાઇ કષ્ટ થયા સહુ તાજ— હુ નિ૰
મેં અરપ્યું તન મન, રાક્ષસને સદન;
દુઃખ થયા વનવન, જપતી હું દનદન.
પાપી હું દર્શન, શુભ ઘડી ધન ધન;
પ્રફુલીત મમ તન, પીતા શીરતાજ. હું નિ૰

પ્રતાપભાનું—બહેન નિર્ભય થા?

ચંદ્રીકા—પીતાજી મારૂ હરણ રાક્ષસે કર્યું હતું, તે દુઃખમાંથી! આ વીર પુરૂષે છોડાવી તે દીવસથી હું (શરમાઇ નીચુ જોવેછે)

પ્રતાપભાનુ—બેહેન, મારો પણ એજ વીચાર હતો (હસ્થ મેળવી) તમારૂ જોડું અખંડ રહો. એવી મારી પ્રભુ પ્રત્યે માગણી છે.

સેનાપતી—હવે આ દુષ્ટને શું કરવુ? હુકમ આપો તો ધડથી શીશ જીુદુ કરૂં!

દુષ્ટરાય—(ચીત્રસેનને પગે પડી) હુ તમારે શરણેછું મારો પ્રાણ બચાવો?

ચીત્રસેન—શરણાંગત નીરભય રહો.

પ્રતાપભાનુ—છોડી મુકો એ નીચને (ચીત્રસેનને) દૈવયોગે તમારૂ આટલુ તો પ્રીય થયું બોલો વીષેશ તમારૂ શું પ્રીય કરૂં.

ચીત્રસેન—આથી બીજુ શું મીય છે જે વાહાલાઓને ભેટો તથા-
પી આટલું થાઓ.

ગાયન.

સર્વ—રે' સુંદર મનહર સુખકર દુઃખ હર ધન્ય ધન્ય દિન આ
તનના મનના વનના સહુ દુરીત દૂર થયાં.
ભયથી જે ભારી કષ્ટરે કારી ઇશ આવારી નાંખ્યા તેં ટાળી
લીધાં ઉગારી અમને ભલાં. રે' સુંદર.
પાપ અમાપ અપાર અરે કિરતાર આ વાર નિવારી દીધાં
ઉપકારી ક્યાં.
બાળક પાળક કાળક ટાળક ભાળક માલક ન્યારી લીલા તારી
હારી ગયા ભારી દાનવ દેવ મુરારી સદા. રે' સુંદર.

સમાપ્ત